Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

## शार्दूलविक्रीडितम्.

पूजामाचरतां जगत्त्रयपतेः संघार्चनं कुर्वतां ।
तीर्थानामभिवंदनं विदधतां जैनं वचः शृण्वताम् ॥
सद्दानं ददतां तपश्च चरतां सत्वानुकंपाकृतां ।
येषां यांति दिनानि जन्म सफलं तेषां सुपुण्यात्मनाम् ॥१॥

"જે પુણ્યાત્માઓના દિવસો ત્રિજગત્પતિ જિનેશ્વરની પૂજા કરતાં, સંઘનું સેવન કરતાં, તીર્થોનું વંદન કરતાં, જિનવાણી સાંભળતાં, સુપાત્રદાન આપતાં, તપસ્યા તપતાં અને પ્રાણીઓપર અનુકંપા કરતાં વ્યતીત થાય છે તેમનો જન્મ સફળ છે."

પુસ્તક ૩૧ મું. કાર્ત્તિક. સંવત ૧૯૭૨. વીરસંવત ૨૪૪૨. અંક ૮ મો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.

૧ વૈરાગ્ય પ્રબોધક અષ્ટક... ... ... ... ... ... ૨૩૭
૨ જ્ઞાનસાર સૂત્ર વિવરણમ્. (ઉપસંહાર)... ... ... ... ૨૩૯
૩ ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર. ... ... ... ... ૨૪૭
૪ કીર્ત્તિપાલન. (અગિયારમું સૌજન્ય.) ... ... ... ... ૨૫૮
૫ આવશ્યકના સૂત્રો સંબંધી પ્રશ્નોત્તર. ... ... ... ... ૨૬૩
૬ ઉત્તમતા ને આરોગ્ય પ્રાપ્ત્યર્થે નિયમો. ... ... ... ... ૨૬૫
૭ ગ્રંથાવલોકન.... ... ... ... ... ... ... ૨૬૬

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભાના લાઇફ મેમ્બરોને ભેટ તરીકે આપવા માટે નીચે જણાવેલા ગ્રંથો ને બુકો મુકરર કરવામાં આવેલ છે.

૧ પઉમ ચરિયમ્. માગધી ગાથાબંધ. રામચંદ્રાદિકનું ચરિત્ર.
આ ગ્રંથમાં કોઈ ગૃહસ્થની મદદ મળી નથી. ફારમ ૫૬. કીં. રૂ. ૨॥

૨ જ્ઞાનપંચમી (જ્ઞાનપંચમીને લગતી તમામ બાબતોનો સંગ્રહ). કીં. રૂ. ०॥

૩ ચૈત્યવંદન ચોવીશી ગુજરાતી. આવૃત્તિ પાંચમી.
કઠણ શબ્દોના અર્થ સાથે પાકી બંધાવેલી. કીં. રૂ. ०)

૪ ઉપધાનવિધિ. ( શા. આણંદજી પુરૂષોત્તમ તરફથી ભેટ ).

૫ આનંદઘન પદ્ય રત્નાવળી ( ૫૦ પદો વિવેચન યુક્ત ).
ઘણા વિસ્તારથી-ઉપયોગી હકીકતોનો સંગ્રહ. પૃષ્ટ ૮૧૨. કીં. રૂ. ૨)

૬ જૈન દૃષ્ટિએ યોગ ( યોગ સંબંધી સરલ સમજણ. ) પૃષ્ટ ૨૧૦. કીં. રૂ. ०॥

૭ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. સ્થંભ ૬ મૂળ. સંસ્કૃત. કીં. રૂ. ૧॥

૮ શ્રી ઉપદેશમાળા મૂળ ને યોગશાસ્ત્ર મૂળ. માગધી ને સંસ્કૃત. કીં. રૂ. ०॥

૯ શ્રી જંબૂદ્વીપ સંગ્રહણી પ્રકરણ. ટીકા સહિત. સંસ્કૃત. કીં. રૂ. ०।

ઉપર જણાવેલ ૯ ગ્રંથો પૈકી પ્રથમ ગ્રંથ રૂ. ૧) બાદ કરીને રૂ. ૧॥ થી અને બુક ૫-૬ એક બુકનાજ બે વિભાગ હોવાથી એકંદર કિંમતમાંથી રૂ. ૧) બાદ કરીને રૂ. ૧॥ થી આપવામાં આવશે. પરંતુ જે લાઇફ મેમ્બર મોકલવાનું લખશે તેનેજ તે મોકલવામાં આવશે. બાકીના ૬ પુસ્તકો પત્રની રાહ જોયા બાદ પોસ્ટેજ પુરતા વેલ્યુ० થી તરતમાંજ મોકલવામાં આવશે. તંત્રી

## દશાશ્રીમાળી વણિક. ( ત્રિમાસિક )

દરેક દશાશ્રીમાળી વણિકને જાણવા જેવી બાબતોથી ભરપૂર રોયલ છથી આઠ ફારમ (૪૦ થી ૬૪ પાના) નું સચિત્ર 'દશાશ્રીમાળી વણિક' નામનું ત્રિમાસિક અમારા તરફથી બહાર પાડવો વિચાર છે. પોતાની જ્ઞાતિનું શ્રેય ઇચ્છનાર દરેક દશાશ્રીમાળીને ગ્રાહક થવા યોગ્ય છે, તેને માટે નીચે લખેલ શિરનામે પત્ર લખવો.

મોહનલાલ નાગજી ચીનાઈ.
ડીસ્ટ્રીક્ટ પ્લીડર. ધોરાજી.

## પંચાંગમાં થયેલી ભૂલ.

અમારી તરફથી છપાયેલા જૈનપંચાંગમાં સં. ૧૯૭૨ના કારતક માસની અંદર માત્ર શુદિ ૩ નો ક્ષય લખવામાં આવેલ છે પણ કારતક વદમાં વધઘટ લખવી રહી ગયેલ છે તે નીચે પ્રમાણે—

વદી ૪ બે ગુરૂ—શુક્ર વદી ૧૨નો ક્ષય.

આ ભૂલ કેમ થઇ તે સમજી શકાતું નથી. દરેક પંચાંગમાં સુધારી લેવું.

For Private And Personal Use Only

# श्री जैन धर्म प्रकाश.

तदिदं सन्मुनिवचनमाकर्ण्य ते हितज्ञतुल्या भद्रकभव्यमिथ्यादृष्टयो जीवा निश्चिन्वन्ति तेषां भगवतां सन्मुनीनां वत्सलतां, लक्षयन्ति परिज्ञानातिरेकं । ततो निवर्तयन्ति तदुपदेशेनावाप्तशुभवासनाविशेषाः सन्तो धनविषयगृद्धिप्रतिबन्धं, पृच्छन्ति च विशेषतो मुनिजनं ते धर्ममार्गं, दर्शयन्ति शिष्यभावं, रञ्जयति गुरूनपि विनयादिगुणैः । ततः प्रसन्नहृदया गुरवस्तेभ्यो गृहस्थावस्थोचितं साधुदशायोग्यं च प्रतिपादयन्ति धर्ममार्गं, ग्राहयन्ति तदुपार्जनोपायं महायत्नेन । उपमितिभवप्रपंचा कथा.

" આ પ્રમાણે સન્મુનિનાં વચનને સાંભળીને હિતને જાણનારની જેવા તે ભદ્રિક અને ભવ્ય એવા મિથ્યાદૃષ્ટિ જીવો તે પૂજ્ય સન્મુનીશ્વરની વત્સલતાનો નિશ્ચય કરે છે, અને જ્ઞાનના અધિકપણાને જુએ છે; પછી તે ગુરૂના ઉપદેશથી વિશેષ પ્રકારની શુભ વાસના પ્રાપ્ત થવાથી ધનના વિષયવાળી લોભની આસક્તિનો ત્યાગ કરે છે, અને મુનિજનોને તેઓ વિશેષે કરીને ધર્મનો માર્ગ પૂછે છે, પોતાનો શિષ્યભાવ દેખાડે છે તથા ગુરૂજનોને (માતપિતાદિકને) પણ વિનયાદિક ગુણોએ કરીને રંજન કરે છે. ત્યારપછી પ્રસન્ન હૃદયવાળા ગુરૂમહારાજ તેમને ગૃહસ્થાશ્રમને ઉચિત અને સાધુપણાને યોગ્ય એવો (બંને પ્રકારનો) ધર્મમાર્ગ બતાવે છે અને તે ધર્મને ઉપાર્જન કરવાનો ઉપાય ઘણા પ્રયત્નથી ગ્રહણ કરાવે છે—અંગીકાર કરાવે છે."

પુસ્તક ૩૧ મું. કાર્ત્તિક. સંવત ૧૯૭૨. શાકે ૧૮૩૭. અંક ૮ મો.

# वैराग्य प्रबोधक अष्टक.

(હરિગીત છંદ.)

એવું ન જગમાં સ્થાન જ્યાં સુખ દુઃખ તેં ન અનુભવ્યા,
આ જગ સંબંધિ ઋદ્ધિયોના બહુ વખત અનુભવ મળ્યા;
સ્વજન સંબંધો બહુ બદલતો ભવ વિષે જગમાં ફરે,
ચેતિ લહે જાવું નકી એક દિન તારે આખરે. ૧
વધ બંધનો સહ્યાં અનંતાં જન્મ મરણો ને જરા,
નરકો તણાં દુઃખથી અધિક નિગોદના દુઃખો ખરા;
પામ્યો અનંતિવાર તોપણ નિજ સ્વભાવ ન આદરે,
ચેતિ લહે જાવું નકી એક દિન તારે આખરે. ૨
આ શરિર ક્ષણભંગુર સંધ્યા રંગ જેવું તો દિસે,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે આત્મ શાશ્વતરૂપ મોહ વડે મુંઝાયો તે વિષે;
કરિ સ્વજનની આજીવિકાની કેટલી ચિન્તા અરે,
ચેતિ લહે જાવું નકી એક દિન તારે આખરે. ૩
હિત કે અહિત કરે ન કોઈ દીન મુખે તું કેમ રહે,
આરંભ બહુવિધ જે કરિ ધન મેળવ્યું સ્વજનો લહે;
આખર બધું ફળ ભોગવે તું એકલો જ્યાં જઇ ચડે,
ચેતિ લહે જાવું નકી એક દિન તારે આખરે. ૪
આ આર્ય ભૂમિ ધર્મ ઉત્તમ મનુપભવ પુન્યે મળ્યો,
ઇંદ્રય પુરણ ગુરૂયોગ પામી જો વિચારી શું રળ્યો;
ચિન્તામણિ હાથે ચડેલો વખત પાછો કયાં જડે,
ચેતિ લહે જાવું નકી એક દિન તારે આખરે. ૫
તરૂવાસી પંખી પંથી મેળા સમ બધી મુસાફરી,
નહિ કોય કાયમ જગતમાં નકી જાણ હેતુ કે અરી;
તજી રાગ રોષ કષાય સમતા પંથ પડિયે પાધરે,
ચેતિ લહે જાવું નકી એક દિન તારે આખરે. ૬
જાશે જુવાનિ પૂર ઇંદ્રિયો શિથિલતા પામશે,
વૃદ્ધ વય વિષે વ્યાધિ અનંતા મૃત્યુ સન્મુખ આવશે;
પછી અગ્નિ વેળા કૂપ ખણવા રૂપ પસ્તાવો કરે,
ચેતિ લહે જાવું નકી એક દિન તારે આખરે.
તૃણ વત્ તજી ખટ ખંડ લહી વૈરાગ્યને મુક્તિ વર્યા
તીર્થંકરો સિદ્ધ મુનિવરાદિ શાશ્વતા સુખો વર્યા;
એ માર્ગ દુર્લભ ફોરવ્યો પુરૂષાર્થ તે લીધો નરે,
ચેતિ લહે જાવું નકી એક દિન તારે આખરે. ૮

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા, વળા.

# संतोष अने लोभ.

## ( કુંડળીઆ ).

સંતોષી સુખીઆ સદા, હોય નહીં કાંઇ ધન; તોપણ તે ધનવંત છે, માની બેઠા મન;
માની બેઠા મન, કુબેર ભંડારી જેવા; ચક્રવર્તી રાજન, છતાં નહિં લેવા દેવા;
કે' છે દિલખુશદાસ, તજી તૃષ્ણા નવ પોષી; માટે સૃષ્ટિમાંહી, સદા સુખીઆ સંતોષી. ૧
સંતોષી સમતાઈથી, કાઢે સઘળા દિન; આવે સુખદુઃખ કર્મથી, નહીં તેમાં તલ્લીન;
નહીં તેમાં તલ્લીન, ઉદાસી કદિ ન ભાળી; સ્વર્ગ સમાણું સુખ, માનીને જીંદગી ગાળી;
કે' છે દિલખુશદાસ, રહે આતમને પોષી; લે સંસારે સુખ, સદા સમતા સંતોષી. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોભીનું મન લોભથી, રહે ઉદાસી રોજ; અને વળી એથી અધિક, ખુએ પોતાનું ઓજ;
ખુએ પોતાનું ઓજ, ગણે નહીં જ્ઞાની એને; સમજુ વર્ગ સમગ્ર, ગણે અણસમજુ તેને;
કે'છે કર્પૂરદાસ, મરે એ મિથ્યા લોભી; શોધે નહીં કાંઈ સુખ, **દિલખુશ** દુઃખિયો લોભી. ૬

# ज्ञानसार सूत्र विवरणम्.

## ॥ उपसंहार ॥

ઉપસંહાર અથવા ગ્રંથ સમાપ્તિ કરતાં છેવટના બે બોલ કહે છે:—

पूर्णो मग्नः स्थिरोऽमोहो, ज्ञानी शान्तो जितेन्द्रियः ॥
त्यागी क्रियापरस्तृप्तो, निर्लेपो निःस्पृहो मुनिः ॥ १ ॥
विद्याविवेकसंपन्नो, मध्यस्थो भयवर्जितः ॥
अनात्मशंसकस्तत्त्व-दृष्टिः सर्वसमृद्धिमान् ॥ २ ॥
ध्याता कर्मविपाकाना-मुद्विग्नो भववारिधेः ॥
लोकसंज्ञाविनिर्मुक्तः, शास्त्रदृक् निष्परिग्रहः ॥ ३ ॥
शुद्धानुभववान् योगी, नियागप्रतिपत्तिमान् ॥
भावार्चाध्यानतपसां, भूमिः सर्वनयाश्रयः ॥ ४ ॥
स्पष्टं निष्टंकितं तत्त्व-मष्टकैः प्रतिपत्तिमान् ॥
मुनिर्महोदयज्ञान-सारं समधिगच्छति ॥ ५ ॥

**ભાવાર્થ**—મહાપ્રભાવશાળી જ્ઞાનસારના અધિકારી પુરૂષો કેવા હોય? અક્ષય અને અવ્યાબાધ એવું મોક્ષસુખ મેળવી આપનાર શ્રેષ્ઠ જ્ઞાનસંપન્ન કોણ થઈ શકે? તેનું સમાધાન કરે છે. જે સર્વથા ઉપાધિમુક્ત થઈ સહજ ગુણસંપત્તિનેજ સાર લેખી તેનેજ ગ્રહે છે, તેમાંજ મગ્ન થાય છે, તેમાંજ સ્થિરતા કરે છે, ઇતર કોઇ વસ્તુમાં મુંઝાતો નથી, બીજા સંકલ્પ-વિકલ્પ કરતોજ નથી પણ શાન્ત ચિત્તથી સ્વભાવમાંજ રમે છે, મન અને ઇંદ્રિયો ઉપર જેણે જય મેળવ્યો છે પણ તેમને પરાધીન થઇ રહેતો નથી, બાહ્યભાવનો જેણે ત્યાગ કર્યો છે, અને અંતરભાવ જેને જાગૃત થયો છે, તેનીજ પુષ્ટિ માટે જે પ્રયત્ન કરે છે પણ બીજી નકામી બાબતમાં રાચતો માચતો નથી, સહજ સંતોષી છે, એટલે જેણે વિષયાદિ તૃષ્ણાને છેદી છે, જે જગતથી ન્યારો રહે છે, તેમાં લેપાતો નથી, **જે કોઇની આશા રાખતો નથી, કેવળ નિઃસ્પૃહ થઇને રહે છે,** જે સારાસારને સારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે સમજે છે અને સમજીને અસારને તજી સારજ આદરે છે, સુખદુઃખમાં સમદર્શી છે, તેમાં હર્ષ વિષાદ કરતો નથી, જે ભય તજી–નિર્ભયપણે સ્વ–ઇષ્ટ સાધે છે, જે કદાપિ સ્વશ્લાઘા કે પરનિન્દા કરતોજ નથી, જે તત્ત્વદષ્ટિ હોવાથી વસ્તુને વસ્તુગતેજ જાણે–જુએ છે, જે ઘટમાંજ સકલ સમૃદ્ધિ રહેલી માને છે, જે કર્મનું સ્વરૂપ યથાર્થ સમજીને શુભાશુભ કર્મના ઉદય વખતે સામ્ય (સમતા) ધારે છે, પણ મનમાં તે સંબંધી નકામા સંકલ્પ-વિકલ્પ કરતો નથી, વળી જે આ ભવ—સમુદ્રથી ઉદ્વિગ્ન છતો તેને વેગે પાર પામવા માટે નિત્ય પ્રમાદ-રહિત પ્રયત્ન કર્યા કરે છે, જેણે લોકસંજ્ઞા તજી છે એટલે મિથ્યા લોભ લાલચમાં નહિ તણાતાં જે આશા તૃષ્ણાને મારી સામા પૂરે ચાલે છે, જે શાસ્ત્રદષ્ટિથી સર્વભાવને પ્રત્યક્ષની પેરે દેખે છે, જેણે મૂર્છાને તો મારી નાખી છે તેથી કોઇ પણ પદાર્થમાં પ્રતિબંધ કરતો નથી; જેને શુદ્ધ અનુભવ જાગ્યો છે તેથી જેણે ચોથી ઉજાગરદશા ધારી છે અને અવંધ્ય ( અચૂક ) મોક્ષફળ મળે એવો સમર્થ યોગ જેણે સાધ્યો છે, વીતરાગની આજ્ઞાનું અખંડ આરાધન કરવારૂપ નિશ્ચિત યાગ જેણે સેવ્યો છે, ભાવપૂજામાં જે તલ્લીન થયો છે, શ્રેષ્ઠ ધ્યાન જેણે સાધ્યું છે, તેમજ સમતાપૂર્વક વિવિધ તપને સેવી જેણે કઠિન કર્મનો પણ ક્ષય કર્યો છે, અને સર્વ નયમાં જેણે સમતાબુદ્ધિ સ્થાપી છે, તેથી તટસ્થપણે રહી સર્વત્ર સ્વપરહિત સુખે સાધી શકે છે–એવા પરમાર્થદર્શી નિષ્પક્ષપાતી મુનિરાજ અનંત-રોક્ત ૩૨ અષ્ટકવડે સ્પષ્ટ એવા નિશ્ચિત તત્ત્વને પામીને પરમપદ પ્રાપક ( અક્ષય સુખ દાયક ) ‘ જ્ઞાનસાર ’ ને સમ્યગ્ આરાધી શકે છે. ૧–૫.

જ્ઞાનસારને પ્રાપ્ત થયેલા મહાભાગ્યવંતો કેવી ઉત્તમ દશાનો અનુભવ કરે છે ? તે કહે છે:—

निर्विकारं निराबाधं, ज्ञानसारमुपेयुषां ॥
विनिवृत्तपराशानां, मोक्षोऽत्रैव महात्मनां ॥ ६ ॥

**ભાવાર્થ**—સર્વથા વિકારવર્જિત ( નિર્દોષ ) અને વિરોધરહિત એવા આ **જ્ઞાનસાર**ને પ્રાપ્ત થયેલા અને પરઆશાથી મુક્ત થયેલા મહાત્માઓને અહિંજ મોક્ષ છે. અર્થાત્ એવા યોગીશ્વરો **જીવન્મુક્ત** છે. ૬

चित्तमार्द्रीकृतं ज्ञान–सारसारस्वतोर्मिभिः ॥
नाप्नोति तीव्रमोहाग्नि–प्लोषशोषकदर्थनां ॥ ७ ॥

ભાવાર્થ—જ્ઞાનસારના ઉત્તમ રહસ્યવડે જેનું મન દ્રવિત (શાન્ત–શીતલ) થયું છે, તેને તીવ્ર મોહઅગ્નિથી દાઝવાનો ભય નથી. અર્થાત્ આનું સાર રહસ્ય જેને પરિણમ્યું છે તેને મોહ પરાભવ કરી શકતો નથી. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अचिन्त्या कापि साधूनां, ज्ञानसारगरिष्ठता ॥
गतिर्ययोर्ध्वमेव स्या–दधःपातः कदापि न ॥ ८ ॥

**ભાવાર્થ**—જ્ઞાનસારથી ગુરૂ ( ભારે વજનવાળા ) હોવા છતાં સાધુજનો ઊંચી ગતિજ પામે છે. કદાપિ નીચી ગતિમાં જતાજ નથી એ આશ્ચર્ય છે. કેમકે ભારે વજનવાળી વસ્તુ તો સ્વાભાવિકરીતે નીચેજ જવી જોઇએ, અને આમાં તો એથી ઉલટુંજ બનતું દેખાય છે. ૮

क्लेशक्षयो हि मंडूक–चूर्णतुल्यः क्रियाकृतः ॥
दग्धतच्चूर्णसदृशो, ज्ञानसारकृतः पुनः ॥ ९ ॥

**ભાવાર્થ**—જ્ઞાન વિના શુષ્ક ક્રિયાથી માત્ર નામનોજ ( લેશમાત્ર નજીવો ) [1]કલેશ-ક્ષય થાય છે અને જ્ઞાનસારની સહાયથી તો સમૂળગો[2] કલેશનો ક્ષય થઇ શકે છે. ૯.

ज्ञानपूतां परेप्याहुः, क्रियां हेमघटोपमां ॥
युक्तं तदपि तद्भावं, न यद्भग्नापि सोज्झति ॥ १० ॥

**ભાવાર્થ**—જ્ઞાનયુકત ક્રિયા સોનાના ઘડા જેવી છે, એમ વેદવ્યાસાદિક કહે છે તે વ્યાજબી છે. કેમકે કદાચ તે ભાંગે તૂટે તોપણ તેમાનું સોનું તો જાય નહિ, ફકત ઘાટ ઘડામણ જાય. તેમ કદાચ કર્મવશાત્ જ્ઞાની ક્રિયાથી પતિત થઇ જાય તોપણ તત્ક્રિયાસંબંધી તેની ભાવના તો નષ્ટ થઇ જતીજ નથી. ૧૦

क्रियाशून्यं च यज्ज्ञानं, ज्ञानशून्या च या क्रिया ॥
अनयोरंतरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥ ११ ॥

**ભાવાર્થ**—ક્રિયાશૂન્ય જ્ઞાનમાં અને જ્ઞાનશૂન્ય ક્રિયામાં જેટલો સૂર્ય અને ખજુવામાં આંતરો[3] છે તેટલોજ આંતરો છે. અર્થાત્ ક્રિયારહિત ભાવના-જ્ઞાન સૂર્ય સમાન છે અને જ્ઞાનશૂન્ય શુષ્ક ક્રિયા માત્ર ખજુવા જેવી છે. ૧૧

चारित्रं विरतिः पूर्णा, ज्ञानस्योत्कर्ष एव हि ॥
ज्ञानाद्वैतनये दृष्टि–र्देयात्तद्योगसिद्धये ॥ १२ ॥

**ભાવાર્થ**—વિભાવથી[4] સંપૂર્ણ વિરમવારૂપ યથાર્થ ચારિત્ર પણ વિશિષ્ટ જ્ઞાનનુંજ ફળ છે એમ સમજીને એવા ઉત્કૃષ્ટ ચારિત્રની સિદ્ધિમાટેજ સંયમથી અભિન્ન એવા નિર્વિકલ્પ જ્ઞાનમાર્ગમાં દૃષ્ટિ દેવી જોઇએ; અર્થાત્ જેથી સંયમની પુષ્ટિ થાય એવાજ જ્ઞાનયોગનો અભ્યાસ પ્રમાદરહિત કરવો જોઇએ. સંપૂર્ણ જ્ઞાનઅભ્યાસથી સહજ ચારિત્ર સિદ્ધ થાય છે. ૧૨

૧ દુઃખ ૨ એકાન્તિક અને આત્યંતિક, સર્વથા ૩ તફાવત ૪ પરભાવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથ સમાપ્તિના સ્થળનું વર્ણન અને ગ્રંથકારનો અમૂલ્ય આશીર્વાદ.

सिद्धिं सिद्धपुरे पुरंदरपुरस्पर्धावहे लब्धवां–
श्चिद्दीपोऽयमुदारसारमहसा दीपोत्सवे पर्वणि ॥
एतद् भावनभावपावनमनश्चंचच्चमत्कारिणां ॥
तैस्तैर्दीप्तिशतैः सुनिश्चयमतैर्नित्योस्तु दीपोत्सवः ॥ १३ ॥

**ભાવાર્થ**—સ્વર્ગપુરી જેવા સિદ્ધપુરમાં **દીવાલી પર્વ સમયે** ઉદાર અને સાર જ્યોતિયુકત આ **જ્ઞાનસાર** રૂપ **ભાવદીપક** પ્રગટ થયો છે. અર્થાત્ આ ગ્રંથ સિદ્ધપુર નગરમાં દીવાળીના દિવસે પૂર્ણ કર્યો છે. આ ગ્રંથમાં કહેલા સુંદર ભાવથી ભાવિત પવિત્ર મનવાળા ભવ્ય જીવોને આવા સેંકડોગમે ભાવ દીપકોવડે **નિત્ય દિવાળી થાઓ!** એવી આ ગ્રંથકારની અંતર આશિષ છે. ૧૩.

સંસારી જીવોની બાહુલ્યતાથી જેવી કઢંગી સ્થિતિ હોય છે તેનો ચિતાર.

केषांचिद्विषयज्वरातुरमहो चित्तं परेषां विषा–
वेगोदर्ककुतर्कमूर्छितमथान्येषां कुवैराग्यतः ॥
लग्नालर्कमबोधकूपपतितं चास्ते परेषामपि ॥
स्तोकानां तु विकारजाररहितं तद्ज्ञानसाराश्रितं ॥ १४ ॥

**ભાવાર્થ**—કેટલાકનું ચિત્ત વિષયપીડાથી વિહ્વલ હોય છે, કેટલાકનું ચિત્ત કુત્સિત (મંદ) વૈરાગ્યથી હડકવાવાળું હોવાને લીધે જે તે વિષયમાં ચોતરફ દોડતું હોય છે, કેટલાકનું તો વળી વિષયવિષના આવેગથી થતા કુતર્કોમાં મગ્ન થયેલું હોય છે, તેમજ કેટલાકનું તો અજ્ઞાનરૂપ અંધકૂપમાં ડૂબેલું હોય છે; ફક્ત થોડાંકનુંજ ચિત્ત જ્ઞાનસારમાં લાગેલું હોવાથી વિકારવિનાનું હોય છે. તાત્પર્ય કે **જ્ઞાનસાર**ની પ્રાપ્તિ મહાભાગ્યેજ થઈ શકે છે. જેમનું ચિત્ત વિવિધ વિકારરહિત હોવાથી અધિકારી ( યોગ્ય ) બન્યું હોય તેમનેજ આ **જ્ઞાનસાર** સંપ્રાપ્ત થઇ શકે છે; બાકી યોગ્યતા વગરના જીવોને જ્ઞાનસારની પ્રાપ્તિ થઈ શકતી નથી. ૧૪.

ચારિત્રલક્ષ્મીના પૂર્ણાનંદઘન-આત્મા સાથેના હસ્તમેલાપ સમયનું સંગીત.

जातोद्रेकविवेकतोरणततौ धावल्यमातन्वते ॥
हृद्गेहे समयोचितः प्रसरति स्फीतश्च गीतध्वनिः ॥
पूर्णानंदघनस्य किं सहजया तद्भाग्यभंग्याभवत् ॥
नैतद्ग्रंथमिषात् करग्रहमहश्चित्रं चरित्रश्रियः ॥ १५ ॥

**ભાવાર્થ**—ચારિત્રલક્ષ્મીનો થતો વિવાહમહોત્સવ આ ગ્રંથના મિષથી પૂર્ણાનંદી આત્માના સહજ તેની ભાગ્ય રચનાવડે વૃદ્ધિ પામેલા વિવેકરુપી તોર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણુની શ્રેણિવાળા મનમંદિરમાં ધવલતાને વિસ્તારે છે અને સ્ફીત ( વિશાળ ) મંગળ ગીતનો ધ્વનિ પણ માંહે પ્રસરી રહ્યો છે. તાત્પર્ય કે ચારિત્ર–લક્ષ્મીનો પૂર્ણાનંદઘન ( આત્મા ) ની સાથે વિવાહ થાય છે ત્યારે તેનું મન ઉચ્ચ પ્રકારના વિવેકવાળું અને ઉજ્જવલ ( નિર્મલ ) બને છે. તેમજ મહા મંગલમય સ્વાધ્યાય ધ્યાનનો ઘોષ થઇ રહે છે. લૌકિકમાં પણ વિવાહસમયે ઘરમાં ઉંચા તોરણ બાંધવામાં આવે છે, ઘરને ધોળવામાં આવે છે અને વિવિધ વાજિંત્ર તથા મંગળગીત ગાવામાં આવે છે તેમ અહિં ચારિત્રલક્ષ્મીને વરનાર પૂર્ણાનંદીને સર્વ પરમાર્થથી થયું છે, સમ્યગ્ જ્ઞાન અને ચારિત્રના મેળા સમયે સર્વત્ર આવી ઘટના થાય છે અને એજ યોગ્ય છે. ૧૫.

પૂર્ણાનંદઘન એવો આત્મા વિરતિ—નગરીમાં પ્રવેશ કરે છે તે વખતના મંગળ પ્રસંગનું વર્ણન:—

भावस्तोमपवित्रगोमयरसैर्लिप्तेव भूः सर्वतः ॥
संसिक्ता समतोदकैरथ पथि न्यस्ता विवेकस्रजः ॥
अध्यात्मामृतपूर्णकामकलशश्चक्रेऽ त्रशास्त्रे पुरः ॥
पूर्णानन्दघने पुरं प्रविशति स्वीयंकृतं मंगलम् ॥ १६ ॥

**ભાવાર્થ**—પૂર્ણાનંદઘન પોતે સચ્ચારિત્રરૂપ અપ્રમાદ નગરમાં પ્રવેશ કર્યે છતે પવિત્ર ભાવનાઓ રૂપી ગોમયથી ભૂમિ લિંપેલી છે, ચોતરફ સમતારૂપી જળનો છંટકાવ કરેલો છે, માર્ગમાં વિવેકરૂપી પુષ્પની માળાઓ પાથરેલી છે, અને અધ્યાત્મરૂપી અમૃતથી ભરેલો મંગલ-કલશ આ શાસ્ત્રદ્વારાજ આગળ કરેલો છે. એમ વિવિધ ઉપચારથી નિજ ભાવમંગલ કર્યું છે. ૧૬.

શ્રીમાન્ ગ્રંથકારની પ્રશસ્તિ ( ગચ્છાદિક પરિચય ).

गच्छे श्रीविजयादिदेवसुगुरोः स्वच्छे गुणानां गणैः ॥
प्रौढिं प्रौढिमधाम्नि जीतविजयप्राज्ञाः परामैयरुः ॥
तत्सातीर्थ्यभृतां नयादिविजयप्राज्ञोत्तमानां शिशोः ॥
श्रीमन्न्यायविशारदस्य कृतिनामेषा कृतिः प्रीतये ॥ १७ ॥

**ભાવાર્થ**—ચારિત્રાદિક ગુણોના સમૂહથી નિર્મળ અને ઉન્નતિના સ્થાનરૂપ શ્રીવિજયદેવસૂરિના ગચ્છમાં પ્રાજ્ઞ શ્રીજિતવિજયજી શ્રેષ્ઠ ઉન્નતિને પામ્યા. તેમના ગુરૂભાઈ શ્રીનયવિજયજી પંડિતમાં શ્રેષ્ઠ થયા. તેમના શિષ્ય '**શ્રીમન્ન્યાયવિશારદ**' બિરૂદ ધરાવનાર શ્રીયશોવિજયજીની આ રચના પંડિત લોકોની પ્રીતિને અર્થે થાઓ ! વિવિધ ગુણ વિશાળ એવા તપગચ્છમાં થયેલા પંડિત શ્રીનયવિજયજીના શિષ્ય શ્રીયશોવિજયજીએ આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનસાર સૂત્રની રચના કરી છે. આ ગ્રંથમાં શાન્ત રસનીજ પ્રધાનતા હોવાથી તે રસજ્ઞ પંડિતોને અભીષ્ટજ થશે. કેમકે સર્વે રસમાં પ્રધાનરસ શાન્તરસજ છે અને તે રસની પ્રાપ્તિ અને સિદ્ધિથીજ આત્મા નિરૂપાધિક સુખ પામી શકે છે. ૧૭

આ અપૂર્વ અને અતિશય ગંભીર ગ્રંથનું રહસ્ય યથામતિ નિરૂપણ કરતાં જે કંઈ પુણ્ય ઉપાર્જન થયું હોય તેવડે આ લેખકને તથા શ્રોતાજનોને પવિત્ર શાન્તરસની પુષ્ટિ થાઓ ! તથાસ્તુ ! **શુભં સ્યાત્ સર્વે સત્વાનામ્.**

ગ્રંથકારના મૂળ આશયથી અને શાસ્ત્રશૈલીથી મતિમંદાદિક દોષવડે જે કંઈ વિરૂદ્ધ લખાયું હોય તે માટે મિથ્યાદુષ્કૃતપૂર્વક સહૃદય સજ્જનોને નિવેદન કે, પ્રસ્તુત ગ્રંથમાં જે કંઇ સ્ખલના થયેલી જણાય તે જણાવી ઉપકૃત કરશો તો તે અન્ય પ્રસંગે સુધારી શકાશે અને જે કંઇ રહસ્યાર્થ પરિસ્ફુટ થયેલો જણાય તે આત્માર્થીપણે અન્ય અર્થીજનોને સમજાવશો તો મહાન લાભ હાંસલ થઈ શકશે. ૧૭

વિવેચન—આ વિભાગનું વિવેચન લખવાની કિંચિત્ પણ અપેક્ષા નથી છતાં તેમાં શું શું છે તે બતાવવાને મિષે અત્ર કાંઇક લખ્યું છે.

પ્રથમના પાંચ શ્લોકમાં જે જે નામના ૩૨ અષ્ટકો આવ્યા છે તે તે ગુણવાનજ આ જ્ઞાનસારનું સમ્યગ્ આરાધન કરી તેના ફળરૂપ મોક્ષને પ્રાપ્ત કરી શકે એમ કહ્યું છે. તે આ પ્રમાણે:-૧ પૂર્ણ, ૨ મગ્ન, ૩ સ્થિર, ૪ અમોહી, ૫ જ્ઞાની, ૬ શાંત, ૭ જિતેંદ્રિય, ૮ ત્યાગી, ૯ ક્રિયાપર ૧૦ તૃપ્ત, ૧૧ નિર્લેપ, ૧૨ નિઃસ્પૃહ, ૧૩ મુનિ, ૧૪ વિદ્યાવાન, ૧૫ વિવેકી, ૧૬ મધ્યસ્થ, ૧૭ નિર્ભય, ૧૮ અનાત્મશંસી, ૧૯ તત્ત્વદૃષ્ટિ, ૨૦ સર્વસમૃદ્ધ, ૨૧ કર્મવિપાકધ્યાતા, ૨૨ ભવોદ્વિગ્ન, ૨૩ લોકસંજ્ઞાવિનિર્મુક્ત, ૨૪ શાસ્ત્રદૃક્, ૨૫ નિષ્પરિગ્રહી, ૨૬ શુદ્ધાનુભવી, ૨૭ યોગી, ૨૮ નિયાગી, ૨૯ ભાવાર્ચક, ૩૦ ધ્યાની, ૩૧ તપસ્વી અને ૩૨ સર્વનયાશ્રયી–એવા મુનિજ આ અષ્ટકમાં બતાવેલા સ્પષ્ટ નિષ્ટંકિત તત્વને પામીને મહોદયવાળા જ્ઞાનના રહસ્યને પ્રાપ્ત કરે છે. આ ગ્રંથનું જ્ઞાનસાર નામ કર્ત્તાએ અનેક પ્રકારે સાર્થક કરેલું છે. શ્રી જિનેશ્વરે બતાવેલા જ્ઞાનનો સાર આ ગ્રંથમાં સંગ્રહિત કરેલો છે તે જેમ જેમ વાંચે ને વિચારે તેમ તેમ વિશેષ લક્ષ્યગત થઇ શકે તેમ છે.

છઠ્ઠા સાતમા શ્લોકમાં આ જ્ઞાનસારના ફળની વિવક્ષા કરી છે. તેની પ્રાપ્તિ કરનારને જીવન્મુક્ત તેમજ મોહકદર્થનામુક્ત ઓળખાવેલ છે. ત્યારપછીના પાંચ શ્લોકમાં પણ તેને અનુસરતુંજ કથન છે. તથાપિ તેના પ્રથમ શ્લોકમાં જ્ઞાનસારથી શુરૂ થયેલા ભવ્યાત્માઓ અધોગમનને બદલે ઉર્ધ્વગમન કરે છે તે આશ્ચર્ય જણાવ્યું છે. કારણકે આ જ્ઞાનસારને પ્રાપ્ત કરનારા પ્રાણીની કદાપિ અધોગતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતીજ નથી, તે તો ક્રમસર ઉર્ધ્વ ગમન કરતાં કરતાં મહોદય સ્થાનને અવશ્ય મેળવેજ છે. ત્યાર પછીના શ્લોકમાં જ્ઞાન વિનાની ક્રિયા અને જ્ઞાનયુકત ક્રિયાના ફળમાં જે મહદંતર છે તે બતાવ્યું છે. એ વાત ખરેખરી છે કે જ્ઞાનરહિત શુષ્ક ક્રિયા જ્યારે અતિ અલ્પ ફળ આપે છે ત્યારે જ્ઞાનસંયુકત સ્નિગ્ધ ક્રિયા ( યથાખ્યાત ચારિત્ર ) સર્વ કર્મનો ક્ષય કરી પરમાનંદમય સ્થાનને પ્રાપ્ત કરી આપે છે. ત્યારપછીના દશમા શ્લોકમાં જ્ઞાનયુકત ક્રિયાને સુવર્ણ ઘટની ઉપમા આપીને તે ઘટાવી છે. જ્ઞાનયુકત ક્રિયા કરનાર જ્ઞાની કદાપિ ક્રિયાથી વિમુકત થઈ જાય તોપણ તેની શુદ્ધ ભાવના નાશ પામતી નથી, તેથી તે પાછો અલ્પકાળમાં શુદ્ધ ક્રિયા મેળવી શકે છે. શુદ્ધ બોધ તેને સત્વર રસ્તાપર લાવી શકે છે. સુવર્ણનો ઘટ ભગ્ન થઈ જાય તોપણ તેનું સુવર્ણપણું નાશ પામતું નથી, તેનો પાછો કાળાંતરે ઘડો થઇ શકે છે. એ દષ્ટાંત અત્ર યથાર્થ ઘટમાન થાય છે. અગ્યારમા શ્લોકમાં જ્ઞાનરહિત ક્રિયા અને ક્રિયારહિત જ્ઞાન એ બંનેમાં મહદંતર બતાવ્યું છે. અહીં ક્રિયારહિત જ્ઞાનને સૂર્યની ઉપમા આપી છે તે ભાવના જ્ઞાન છે, તેની અંદર ભાવક્રિયા તો રહેલી જ છે, તેથી શૂન્ય નથી, અને જ્ઞાન રહિત ક્રિયા તો તદન જ્ઞાનશૂન્ય શુષ્કક્રિયા છે, તેથી તેને ખદ્યોતની ઉપમા યથાર્થ ઘટે છે. કેમકે તેવી ક્રિયા સાંસારિક ફળ આપી શકે છે, પરંતુ સંસારના પારને પમાડી શકતી જ નથી. ભાવના જ્ઞાનવાળા પ્રાણીને તો શુદ્ધ માર્ગ યથાર્થ સમજાઈ ગયો હોય છે, તેથી સહજ પ્રયત્ન કરે એટલોજ તેને વિલંબ છે. તેને ભવનો પાર પામવો મુશ્કેલ નથી. જ્ઞાનરહિત ક્રિયાવાનને તો હજુ શુદ્ધમાર્ગજ સમજાયેલ નથી. તેથી તે બંનેમાં જે અંતર બતાવ્યું છે તે યોગ્ય છે. બારમા શ્લોકમાં જ્ઞાન અને ક્રિયાનો અભેદ ઉપદિશ્યો છે. તેમાં કહ્યું છે કે પૂર્ણ વિરતિ તે જ્ઞાનનોજ ઉત્કર્ષ છે, તેમાં ને જ્ઞાનમાં કાંઇ ભેદ નથી. તેથી આત્મહિતના સાધક મહાત્માએ જ્ઞાનાદ્વૈત નયમાંજ દૃષ્ટિ દેવી કે જેથી જ્ઞાન ને ચારિત્ર બંનેની આરાધના પૂર્ણપણાને પામશે અને કાર્ય સિદ્ધ થશે.

૧૩ થી ૧૭ સુધીના પાંચ શ્લોક શાર્દૂલ વિક્રીડિત વૃત્તના છે, બીજા બધા અનુષ્ટુપજ છે. તેમાં ૧૩મા શ્લોકમાં આ ગ્રંથ જ્યાં અને જ્યારે બનાવ્યો છે તે સ્થળ ને મિતિ બતાવેલ છે. ૧૪મા શ્લોકમાં અનેક પ્રાણીઓનાં ચિત્ત જુદા જુદા વિષયમાં લાગેલાં હોય છે તે બતાવીને આ જ્ઞાનસારમાં તો કોઇકજ પ્રાણીનું ચિત્ત ચોંટે છે–ચોંટેલ હોય છે એમ સ્પષ્ટ કર્યું છે. આ વાત ખરેખરી છે. આ માસિકના વાંચનારાઓ પૈકી પણ કોઇ કથાવિષય રસપૂર્વક વાંચે છે, કોઈ નીતિના વિષયો વાંચે છે, કોઇ અન્ય વિષયો વાંચે છે, માત્ર ઘણા થોડા મનુષ્યોજ આ વિષયને લક્ષપૂર્વક વાંચીને તેના રહસ્યને હૃદયમાં ઉતારનારા હોય છે; કારણ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા વિષયપર પ્રીતિ થવી તેજ પ્રથમ યોગ્યતા વિના બનતું નથી. પ્રીતિ થયા પછીજ તે રસપૂર્વક વંચાય છે અને ત્યારપછીજ તેનું રહસ્ય ગુરૂકૃપા હોય તો લભ્ય થઈ શકે છે; કારણકે આ ગ્રંથ અપૂર્વ તેમજ સર્વોત્કૃષ્ટ રસથી ભરેલો છે; સાધારણ ગ્રંથ નથી.

૧૫મા શ્લોકમાં પૂર્ણાનંદઘન જે આત્મા તેનો ચારિત્રલક્ષ્મી સાથે વિવાહ થવાના કારણભૂત આ ગ્રંથ છે એમ સ્પષ્ટ કરીને તેવા લોકોત્તર વિવાહનું વર્ણન આપ્યું છે-તેનો વિવાહ કરાવ્યો છે. અર્થાત્ આ ગ્રંથનું પરિજ્ઞાન મેળવવાથી જ્ઞાન અને વિરતિ એકપણાને પામે છે એમાં કાંઇપણ સંદેહનું સ્થાન નથી. આવા સર્વોત્તમ ગ્રંથના અભ્યાસથી તેમ બનવું એ સર્વપ્રકારે સંભવિતજ છે. ૧૬મા શ્લોકમાં પૂર્ણાનંદઘન જે આત્મા તેનો અપ્રમત્તપુરમાં પ્રવેશ થતી વખતનો મહોત્સવ વર્ણવ્યો છે. ચારિત્રલક્ષ્મી સાથે વિવાહ કરીને પછી પોતાના અપ્રમત્તપુરમાં નિવાસ કરવા અને તેની સાથેનો અપૂર્વ અવિનાશી સુખનો અનુભવ કરવા આત્મા આવે તે યોગ્ય છે. તેથી ગ્રંથકારે તેનો પ્રવેશ મહોત્સવ યથાવસરેજ વર્ણવ્યો છે.

છેલ્લા ૧૭મા શ્લોકમાં કર્ત્તાએ પોતાની ગુરૂપરંપરા ટુંકામાં બતાવી છે અને પ્રાંતે આ ગ્રંથ પંડિત પુરૂષોને પ્રીતિ ઉત્પન્ન કરનાર થાઓ એમ કહી ગ્રંથ પૂર્ણ કર્યો છે.

આ ગ્રંથ મહોપાધ્યાય શ્રીયશોવિજયજી વિરચિત છે, અત્યંત ગંભીરાર્થથી ભરેલો છે, તેનો અર્થ કેટલાક વિસ્તાર સાથે મુનિરાજ શ્રીકર્પૂરવિજયજીએ લખેલો જૈનહિતોપદેશમાં છપાયેલો છે, તેની અંદર તે મહાત્માએજ કેટલોક સુધારો વધારો કરી વિવેચન પણ લખેલ તે પ્રમાણે આ માસિકના જુદા જુદા અંકમાં એકેક અષ્ટક દાખલ કરીને આખો ગ્રંથ પૂર્ણ કરવામાં આવ્યો છે. તેનું વિવેચન ૧૯મા અષ્ટકથી એ મહાત્માનાં સૂચવનથી અમારા તરફથી યથામતિ લખવામાં આવ્યું છે. આ અપૂર્વ રહસ્યથી ભરેલા ગ્રંથમાં ચંચુપ્રવેશ કરવો તેજ મહા મુશ્કેલ છે, છતાં ગુરૂકૃપાદ્વારા ધૃષ્ટતાથી તેમજ **शुभे यथाशक्ति यतनीयम्** એ સૂત્રને અવલંબીને યત્કિંચિત્ વિવેચન લખવાનો પ્રયાસ કર્યો છે તેમાં જે કાંઈ સ્ખલના થઇ હોય-કર્ત્તાના આશયથી વિરૂદ્ધ લખાયું હોય તેને માટે વારંવાર મિચ્છા દુક્કડ આપવામાં આવે છે અને એ મહાપુરૂષની ક્ષમાયાચના કરવામાં આવે છે. ઈત્યલમ્ તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર.

(અનુસંધાન પૃષ્ટ ૧૧૯ થી )

## પ્રકરણ ૨૨ મું.

નટપુત્રી શિવમાળા પાસેથી કુર્કટનું પાંજરૂં પ્રાપ્ત થતાં પ્રેમલાએ તેમાંથી કુર્કટને બહાર કાઢયો અને પોતાના હાથ ઉપર રાખી તેની પાસે પોતાના હૃદયના ઉભરા કાઢવા લાગી. તે કુર્કટને કહે છે કે, " હે કુર્કટ ! તું સોળ વર્ષે મારા સસરાનો પક્ષી ભેળો થયો છું. તારા નગરનો રાજા તે મારો સ્વામી છતાં મેં જેમ ભિક્ષુક રત્નને ગુમાવી દે તેમ તેને હાથ આવેલા ખોઈ નાખ્યા છે. તેના વિરહથી મારૂં રૂધિર સુકાઈ ગયું ને પાંસળીઓ નીકળી પણ તારા રાજા હજુ સુધી મને મળ્યા નહીં, એટલુંજ નહીં પણ મેં તારા રાજાની એવી શી ચોરી કરી કે આજસુધી મારી ખબર પણ લીધી નથી ? મને પરણીને કુષ્ટીને સોંપી ચાલ્યા ગયા એમાં ઇજ્જત શું વધારી ? મારો જન્મ અકૃતાર્થ કર્યો. આવું તેને કોણે શીખવ્યું ? જો ગૃહભાર વહેવા કાયરજ હતા તો પાણિગ્રહણ શા માટે કર્યું ? અને કર્યા પછી તરતમાંજ શા કારણથી મારી ઉપર અભાવ થયો ? હે પક્ષી ! મેં તારા રાજા જેવો તો નિર્મોહીજ ન દીઠો કે જેણે પરણીને ગયા પછી કાગળથી પણ મારી ખબર લીધી નહીં. કયાં આભાપુરી ને કયાં આ નગરી ! મન પણ ત્યાં પહોંચી શકે નહીં એટલું છેટું. તેમાં મારા કર્મે જે કર્યું તેવું તો વૈરી પણ ન કરે ! તેઓ અહીં ન આવી શકે, હું ત્યાં જઈ ન શકું. આવી સ્થિતિમાં મારા દિવસો શી રીતે જાય ? વળી આ જગત્માં એવો પરમાર્થી પ્રભુનો વહાલો કોઈ માણસ પણ દેખાતો નથી કે જે જઇને મારા સ્વામીને સમજાવે અને તેનું કઠોર હૃદય પીગળાવે-તેમાં કરૂણા ઉત્પન્ન કરે. સોળ સોળ વર્ષ થયાં પણ તેમના મનમાં સ્નેહ જાગ્યો નહીં તે મન તે કેવું કઠોર સમજવું ! એને માટે મારા પિતાએ પણ મને ઘણું કષ્ટ આપ્યું પણ તેની ફરીયાદ કોની પાસે કરવી ? આ જગત્માં સ્નેહ બાંધવો સહેલો છે પણ તેનો નિર્વાહ કરવો તેજ અતિ મુશ્કેલ છે. તેમાં પણ જે નિઃસ્નેહીની સાથે સ્નેહ બાંધવો તે તો માત્ર દુઃખ સહેવા માટેજ છે. તું તેના ઘરનો પક્ષી છે તેથી તને જોઈ મને રોમાંચ ઉત્પન્ન થાય છે એટલે મેં તારી પાસે મારા દુઃખની પોથી વાંચી બતાવી છે-તને દેખવાથી મારૂં દુઃખ કેટલેક અંશે નષ્ટ થયું છે, જાણે મારા સ્વામીનેજ દીઠા હોય એમ લાગે છે પણ તું રખે તેના જેવો ધીઠો ન થતો ! "

આ પ્રમાણે પ્રેમલાનાં સ્નેહગર્ભિત માર્મિક વચનો કુર્કટે સાંભળ્યા પણ તે પક્ષી હોવાથી તેનો ઉત્તર આપી ન શકયો. જો કે દંપતી એકત્ર મળ્યા છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ તે બેની વચમાં કર્મજનિત મહદંતર છે એટલે તે મેળાપનો લાભ બેમાંથી એકે મેળવી શકતા નથી.

પ્રેમલા પક્ષીસાથે આવાં ગાંડાઘેલાં વચનો કહી ઉભરો કાઢે છે, તેવામાં શિવમાળા ત્યાં આવી; તેણે કુકડાને પોતાના ખોળામાં લઇને રમાડયો. તેની ઉપર સુગંધી પદાર્થો છાંટયા, તેની પાસે મેવા મીઠાઈ મૂકયા, અને તેને રીઝાવવા મધુર સ્વરે ગીતગાન કર્યું. ત્યારપછી તે પ્રેમલાને કહેવા લાગી કે-"તમે આ કુકડાને ચાર મહિનાસુધી તમારી પાસે રાખો, ચાતુર્માસ ઉતર્યે અમે જ્યારે અહીંથી ચાલશું ત્યારે હું તેને પાછો લઈ જઇશ. ત્યાંસુધી તમે તેને સ્નેહપૂર્વક જાળવજો. હું પણ દરરોજ આવીને તેના ખબર લઇ જઇશ. ચાર મહિનાની અંદર જો એ તમારી વાંચ્છા પૂર્ણ કરે તો પછી અમારે કાંઈ તમારી સાથે વાંધો નથી."

આ પ્રમાણે ગર્ભિત વચનો કહીને શિવમાળા પોતાને ઉતારે ગઇ, પણ પ્રેમલા તેમાં કાંઈ સમજી નહીં. તે તો કુકડાને લઇને રમાડવા લાગી.

હવે પ્રેમલા નિરંતર કુકડાની સામુ જોયા કરે છે, તેની ભકિત કરે છે, તેની સામે બેસીને ઉંડા નિસાસા મૂકે છે, આંખમાંથી આંસુની ધારા વરસાવે છે, વચનદ્વારા ખેદ જાહેર કરે છે. અત્યારે વર્ષાઋતુ હોવાથી આકાશમાં વરસાદ ચડી આવે છે, વિજળી ઝબકારા કરે છે, ગર્જારવ થાય છે, મેઘ પણ જળધારા વરસાવે છે, જગત બધું તેનાવડે શાંત થાય છે, પણ પ્રેમલાના હૃદયનો વિરહાગ્નિ તેનાથી શાંત ન થતાં ઉલટો વિશેષ પ્રદીપ્ત થાય છે. તેથી તે પોતાનું દુઃખ અનેક પ્રકારે કુર્કટ સમીપે પ્રકાશિત કરે છે અને શિવમાળાનાં વચનો સંભારી તેમાં કાંઈક રહસ્ય રહેલું છે એમ વિચારી કુર્કટને કહે છે કે-'હવે તમે મારે હાથે આવ્યા છો તો અંતર શામાટે રાખો છો?'

અન્યદા ચાતુર્માસ પૂર્ણ થવા આવતાં પ્રેમલા સિદ્ધાચળની યાત્રા કરવા તત્પર થઈ. આ વિમળાપુરી તેની તળેટીમાંજ હતી, સખીઓને પણ સાથે આવવા તૈયાર કરી. તેવામાં એક નિમિત્તિઓ ત્યાં આવ્યો. તેનો અનેક પ્રકારે સત્કાર કરીને પ્રેમલા પૂછે છે કે-'હે કવિકુળભૂષણ! મારા સ્વામી મને ક્યારે મળશે તે કહો, હું તમને રાજી કરીશ.' નિમિત્તિઓ બોલ્યો કે-"હું તમારે માટેજ જ્યોતિષશાસ્ત્રોનો અભ્યાસ કરવા કર્ણાટક ગયો હતો. ત્યાંથી અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરી આજેજ ઘરે આવ્યો છું અને તમારો વગર બોલાવ્યો એ વાત કહેવાજ આવ્યો છું કે તમારા પતિ તમને આજે કે કાલે જરૂર મળશે. જો આ વાત ખરી પડે તો મને સાબાશી આપજો. મેં જે નિમિત્ત કહ્યું છે તે કદી પણ ખોટું પડે તેવું નથી, તેથી એમાં તમારે કિંચિત્ પણ સંદેહ ન કરવો."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની આ પ્રમાણેની વાણી સાંભળીને પ્રેમલાલચ્છી ઘણી ખુશી થઈ અને તેને યથોચિત દાનમાન આપી વિસર્જન કર્યો.

પછી થોડીક સખીઓને સાથે લઇને પ્રેમલા પિતાની આજ્ઞા લઈ, કુર્કટના પાંજરાને પોતાનાજ હાથમાં રાખી પુંડરગિરિની યાત્રા કરવા ચાલી. ઉપર ચડતાં કુકડાને પાંજરામાંથી કાઢી હાથ ઉપર રાખ્યો. કુકડો પણ ગિરિને જોઇને અત્યંત ખુશી થયો અને પોતાના દિવસને લેખે ગણવા લાગ્યો. ઠેઠ ઉપર પહોંચ્યા એટલે શિવપદના શેખર જેવું શ્રીઋષભેશ્વરનું ચૈત્ય દીઠું. પ્રેમલાએ ચૈત્યમાં પ્રવેશ કર્યો, યુગાદિ દેવને ભેટયા અને તેમની અષ્ટપ્રકારી પૂજા કરી. ઋષભ જિનેન્દ્રના દર્શન થવાથી કુર્કટે પણ પોતાના જન્મને સફળ ગણ્યો. પ્રેમલા મૂળનાયકજીની ભક્તિ કરી મુખ્ય ચૈત્યમાંથી બહાર નીકળી અને બીજા પ્રત્યેક ચૈત્યમાં કુર્કટ-સહિત જઇને તેણે દર્શન કર્યા. ત્યાંથી ફરતી ફરતી રાયણના વૃક્ષ પાસે આવી. ત્યાં ભૂમિપર પડેલ પત્ર ચાંચમાં લઇ કુકડે પોતાની ચાંચને સુશોભિત કરી. એમ સર્વ વિધિ સાચવીને પછી ત્યાંથી સૂર્યકુંડ જોવા ચાલ્યા. નિર્મળ જળથી ભરેલો અને કમળોવડે સુશોભિત સૂર્યકુંડને જાણે સમતા રસનોજ એ કુંડ ન હોય એમ પ્રેમલા માનવા લાગી. અને તેના જળને ફરસીને આવતા શીતળ અને સુગંધી સમીરનો લાભ લેવા માટે તેના કિનારા ઉપર પક્ષીને હાથમાં લઇને બેઠી.

સૂર્યકુંડને જોઇને કુર્કટ પ્રથમ તો ઘણો હર્ષિત થયો પણ પછી તે એકાએક વિચારમાં પડી ગયો. તે વિચારવા લાગ્યો કે—“ અહો ! આ પ્રમાણે તિર્યંચ અવસ્થામાં મને સોળ વર્ષ વહી ગયાં, કયાં સ્ત્રી ! કયાં ઘરબાર ! કયાં સજ્જનો ! કયાં મારૂં રાજ્ય ! એ બધું અત્યારે મારે તો નકામું થઈ પડયું છે. મારી માતા ખરેખરી વેરણ થઈ કે જેણે મને આ દશાએ પહોંચાડયો છે. આ સંસાર ખરેખરો સ્વાર્થથીજ ભરેલો છે, તેમાં સારભૂત કાંઈપણ નથી. વળી નટો મને લઈને અનેક દેશમાં ફર્યા તોપણ મારા દુષ્કર્મનો અંત આવ્યો નહીં. હું મનુષ્ય મટીને ઉકરડામાં ફરનારો કુકડો થયો. હવે આટલો બધો વખત વ્યતીત થયા પછી મનુષ્ય થવાની આશાજ શી રાખવી ? શા ઉપર રાખવી ? પોતાની સ્ત્રીની પાસે પંખીપણે રહેતાં રાત દિવસ શી રીતે વીતાડવા ? દેખવું ને દાઝવું એ શી રીતે સહન થઇ શકે ? મારૂં યૌવન તમામ નિષ્ફળ ગયું ! મારા દુઃખની હકીકત ચિંતવી પણ શકાય તેમ નથી. જરૂર કોઈ ખરેખરો ચાટીયો મારા દૈવની પાસે જઈ ચડયો કે જેણે મને આટલું દુઃખ અપાવ્યું. આવું જીવવું શા કામનું ? ખોટી આશામાં કેટલા દિવસ કાઢવા ? અને આવા તિર્યંચપણામાં કયાં સુધી રહેવું ? તેથી હવે તો આ કુંડમાં ઝંપાપાત કરૂં કે જેથી મારૂં કલ્યાણ થઇ જાય. આ સંસારમાં કોણ કોનું છે ? કોની માતા, કોનો પિતા, કોની સ્ત્રી, કોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નગરી, કોઇ કોઇનું નથી, તેનાપર શો મોહ કરવો ? એમાંનું કોઈ આપણું થયું નહીં તો પછી આપણે તેને મારૂં મારૂં ક્યાંસુધી માનવું ? આ તાગ વિનાના સંસારસમુદ્રમાં સૌ સ્વાર્થનું સગું છે." આ પ્રમાણે વિચારીને સંસાર ઉપર પૂર્ણ વિરાગવૃત્તિ આવવાથી કુકડે પ્રેમલાના હાથ ઉપરથી ઠેકીને એકદમ કુંડમાં ઝંપાપાત કર્યો. પ્રેમલા તે જોઇને એકદમ ગભરાઈ ગઇ. તે બોલી કે-" અરે ભુંડા ! તેં આ શું કર્યું ? હું શિવમાળાને શું જવાબ દઈશ ? મારા માતપિતાને પણ શું કહીશ ? થોડા દિવસના સંબંધમાં તેં આ શું કર્યું ? પણ મને લાગે છે કે તેં મારા પ્રેમની પરીક્ષા કરવા માટેજ આમ કર્યું જણાય છે; તો હવે જે તારી ગતિ તેજ મારી ગતિ." આ પ્રમાણે વિચારીને પ્રેમલાએ પણ કોઇને કહ્યા શિવાય એકદમ તેની પાછળ કુંડમાં તેને પકડવાને મિષે ઝંપાપાત કર્યો. તે જોઇ સર્વત્ર હાહાકાર થઈ રહ્યો.

પ્રેમલા કુકડાને પકડવા ગઈ, તેવામાં અપરમાતાએ બાંધેલો દોરો કે જે ઘણો જીર્ણ થઇ ગયો હતો. તે એકદમ હાથમાં ભરાવાથી ત્રુટી ગયો એટલે ચંદરાજા તત્કાળ કુકડા મટીને મનુષ્ય થઈ ગયા. સર્વને આશ્ચર્ય થયું. તે વખતે શાસનદેવીએ તે બંનેને કુંડમાંથી બહાર કાઢ્યા. કુંડને કિનારે આવ્યા એટલે પ્રેમલાએ ચંદરાજાને ઓળખ્યા. તે અત્યંત હર્ષિત થઇ. તેની સર્વ આશાએ અત્યારે એકાએક ફળીભૂત થઇ. ચંદરાજા મનુષ્યપણું પામ્યાની વાત એક ક્ષણવારમાં સર્વત્ર પસરી ગઇ. ચારે બાજુ આનંદ આનંદ પ્રવર્તી ગયો. તીર્થનિવાસી સમકિતદૃષ્ટિ દેવોએ તેનાપર પુષ્પની વૃષ્ટિ કરી. સર્વત્ર તીર્થનો પ્રભાવ વિસ્તાર પામ્યો. સૂર્યકુંડનું જળ પાપરૂપ કલ્મષને દૂર કરનાર તરીકે પ્રસિદ્ધિ પામ્યું. તેના પ્રભાવથીજ ચંદરાજાને મનુષ્યપણું પ્રાપ્ત થયું એમ સર્વના લક્ષમાં આવ્યું.

પછી પ્રેમલાએ ચંદરાજાને યથાયોગ્ય લજ્જાપૂર્વક કહ્યું કે-" હે સ્વામી ! હવે આ સૂર્યકુંડના જળવડે સ્નાન કરી શ્રીઋષભદેવની પૂજાભક્તિ કરો. આ ગિરિરાજના પસાયથી આપણા સર્વ કાર્ય સિદ્ધ થયાં છે તેથી તેની પણ સેવા કરો, અને સમકિતરૂપ વૃક્ષના કંદને ભક્તિરસવડે સિંચો કે જેથી તે વૃક્ષ અત્યંત પ્રફુલ્લિત થાય અને તેનાપર વિરતિરૂપ ફળશ્રેણી ઉગી નીકળે."

ચંદરાજાએ પ્રેમલાના કહેવાનો સ્વીકાર કર્યો. બંને જણાએ સ્નાન કરીને અત્યુત્તમ દ્રવ્યોવડે શ્રીઋષભ પરમાત્માની દ્રવ્યપૂજા કરી, ત્યારપછી ભાવપૂજા પણ કરી. તેની અંદર ચંદરાજાએ શ્રીજિનેશ્વરની અપૂર્વ સ્તુતિ કરી. તે હવે પછીના અંકમાં વિસ્તારથી પ્રકટ કરવામાં આવશે.

**હાલ તો દુઃખમાત્ર નાશ પામ્યાં, સંપૂર્ણ ભાગ્યનો ઉદય થયો, સર્વત્ર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધામણીઓ દેવાવા લાગી અને આનંદ આનંદ થઈ રહ્યો. તે આનંદમાં ભાગ લેવા માટે વાંચકોને પણ કાંઈક વિશ્રામ આપવા આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવે છે. હવે આગળ તો ચંદરાજાના અભ્યુદયનું વૃત્તાંતજ આવવાનું છે. આખી લાઈન બદલાઇ જવાની છે. તેનો રસ ક્રમે ક્રમે વાંચકોને ચખાડવામાં આવશે. દરમ્યાન આ પ્રકરણમાંથી આપણે સાર શું ગ્રહણ કરવાનો છે તેનો કાંઇક વિચાર કરીએ.

## પ્રકરણ ૨૨ માનો સાર.

આ પ્રકરણના પ્રારંભમાં તો ચંદરાજા પ્રત્યે પ્રેમલાએ કહેલાં વાકયોનો વિસ્તાર છે. જ્યારે મનુષ્યને પોતાના સંબંધીનો દીર્ઘ કાળે મેળાપ થાય છે ત્યારે પોતાનું સર્વ વીતક કહી દેવાની ઇચ્છા થાય છે, તેમ કરવાથી કાંઈક હૃદયનો ભાર પણ ઓછો થાય છે, દુઃખમાં દિલાસો મળે છે અને બંને સરખા સુખદુઃખના ભાગીદાર થાય છે. અહીં તો વિલક્ષણ પ્રકાર છે. એક સ્ત્રી છે ને સામે કુકડો છે; પરંતુ તેના તરફ અવ્યક્તપણે સ્નેહનું આકર્ષણ થયા વિના રહેતું નથી. તેથી પ્રેમલા પોતાનું હૃદય તેની પાસે ખાલી કરે છે. પ્રેમલાના દરેક વચનમાં સ્નેહનો, પ્રેમનો, મોહનો ઇત્યાદિ આવેશ છે. તેનું હૃદય નિર્મળ છે. તેણે પતિવિરહનાં સોળ વર્ષમાં પરપુરૂષ સામે દૃષ્ટિ પણ કરી નથી. કુર્કટ તેનાં દરેક વચનો અને તેમાં રહેલું રહસ્ય બરાબર સમજે છે, પણ તે નિરૂપાય છે, જોકે તે કહેવા ધારે તો કહી શકે તેમ છે; પણ શિવમાળાની જેમ પ્રેમલા પશુ પક્ષીની ભાષા જાણતી નથી. કદી ચાંચવડે અક્ષરો લખવા ધારે તો લખી શકે તેમ છે, પરંતુ તેને આ સ્થિતિમાં પોતાની ઓળખાણ આપવી યોગ્ય લાગી નથી. કુકડા તરીકે તેના પતિપણે ઓળખાવું, ને પછી તેની પાસે રહેવું. તે ઉલટું વધારે દુઃખદાયક થઈ પડે છે. આર્થિક સ્થિતિ મંદ પડે ત્યારે અથવા બીજી રીતે દુઃખદાયક સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે સજ્જનોમાં વસવા કરતાં અજ્ઞાત સ્થાનમાં જઇને રહેવું ઘટિત છે. કારણકે જ્યાં માનવંતી સ્થિતિ ભોગવી હોય ત્યાં અધમ સ્થિતિએ રહેવું તેના જેવું બીજું દુઃખ નથી. આવા હેતુથીજ કુર્કટે પોતાની સ્થિતિ પ્રેમલાને જણાવી નથી.

શિવમાળા પ્રેમલા પાસે આવીને કુર્કટને રાખવાની મુદત ચાર માસની કહી જાય છે, તે સાથે કેટલાંક ગર્ભિત વચનો કહે છે, પણ તે મુગ્ધા પ્રેમલા સમજી શકતી નથી. આ વખતે વર્ષાઋતુ ચાલે છે, તે નિમિત્તેજ નટો અહીં રહેલા છે, તે હકીકત આગળ આવી ગયેલી છે. વર્ષાઋતુ કામી જનોને-વિરહી જનોને વધારે હેરાન કરે છે. તે સમયે વિરહીને કામોત્પત્તિ વિશેષ થાય છે. કુર્કટની પાસે તે પ્રસંગના ઉભરા પણ પ્રેમલા કાઢે છે. કેટલેક અંશે તે કુર્કટપર પતિવત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમ આવે છે અને તેથી જેવી વાકયરચનાવડે પોતાના પતિ પાસે કહેવામાં આવે તેવી વાકયરચનાવડેજ કુર્કટ પાસે તે પોતાનું દુઃખ નિવેદન કરે છે.

અનુક્રમે વર્ષાઋતુ પૂર્ણ થાય છે, એટલે પ્રેમલાને સિદ્ધાચળ યાત્રા કરવા જવાની ઇચ્છા થાય છે. વિમળાપુરી તેની તળેટીમાંજ આવેલી હોવાથી તેની અપૂર્વ યાત્રા તેને સહેલી છે. તે જવાનો વિચાર કરે છે તે અવસરે ત્યાં અનેક નૈમિત્તિક આવે છે. તેને પૂછતાં તે સ્પષ્ટ શબ્દોમાં એક કે બે દિવસની અંદર પતિનો મેળાપ થશે એમ કહે છે. તેના નિમિત્ત જ્ઞાનની પણ બલિહારી છે. શાસ્ત્રોની અંદર અનેક પ્રકારનું વિજ્ઞાન ભરેલું છે. તેને જાણનારા, સમજનારા, સમજાવનારા દુર્લભ છે. આવા નિમિત્તજ્ઞો પૂર્વે ઘણે સ્થાને લભ્ય હતા; હાલ તો તેનો સર્વથા વિરહજ દેખાય છે. નૈમિત્તિક પ્રેમલાને કહે છે કે 'હું તે વાત કહેવાજ આવ્યો છું.' તેણે સ્વરોદય જ્ઞાનને અનુસારે આ નિમિત્ત કહ્યું છે એમ રાસકર્ત્તા કહે છે. સ્વરનું પરિજ્ઞાન પણ ભવિષ્ય કહેવામાં અતિ ઉપયોગી છે. આવા ઉપકારી તેમજ ચીવટવાળા મનુષ્યો પણ જગતમાં હોય છે, તે આ નિમિત્તિયાએ કહેલાં વચનોપરથી ધ્યાનમાં લેવાનું છે. ચંદરાજા પ્રેમલાને તજીને ચાલ્યાં ગયા એટલે તે કયાં છે ને કયારે મળશે ? ઇત્યાદિ હકીકત જાણવા માટે–તેટલું જ્ઞાન મેળવવા માટે આ નિમિત્તિઓ કહે છે કે હું કર્ણાટક ગયો હતો. આવા વિજ્ઞાનશાસ્ત્રીઓ તે વખતમાં કર્ણાટકમાં વિશેષ હોવાનું સંભવે છે. નિમિત્તિયાનાં વચનને વધાવી લઈ પ્રેમલા તેને રાજી કરે છે, અને પછી પોતે સિદ્ધાચળ યાત્રા કરવા જાય છે. એ વખતે પણ તે વિનય ચૂકતી નથી. માબાપની આજ્ઞા લે છે અને કુર્કટ તો જીવ જેવો વહાલો હોવાથી તેને સાથેજ લઇ જાય છે.

પુંડરગિરિ ઉપર ચડતાં તે પર્વતને જોઇને ચંદરાજા પોતાના આત્માને ધન્ય માને છે. કારણ કે તે કાળમાં આભાપુરી જેટલા દૂર વસનારા મનુષ્યોને સિદ્ધાચળની યાત્રાનો લાભ મળવો તે આશ્ચર્યવાળું મનાતું હતું. રેલ્વે વિગેરેના સાધનો ન હોવાથી એટલે દૂર આવી શકાતું નહોતું, માર્ગમાં પણ બીજી ઘણી ઉપાધિઓ હતી, તેથીજ આભાપુરીમાં પોતાની પુત્રીનો સ્વામી ચંદરાજા છે એમ જાણ્યા છતાં પણ મકરધ્વજ રાજા તેની ખબર લેવા કે તેમને તેડાવવા માણસ મોકલી શકયો નહોતો. પુંડરગિરિપર જેમ જેમ ઉપર ચડતા ગયા તેમ તેમ આનંદમાં વૃદ્ધિ થવા લાગી. ઉત્તમ જીવોને આવા સર્વોત્તમ તીર્થની અપૂર્વ યાત્રાનો લાભ મળે તો આનંદ ઉત્પન્ન થાય તેમાં કાંઈ નવાઇ નથી. અહીં દુઃખમાત્ર તો યાત્રાનો પૂરો લાભ લેવાતો નહોતો તેજ હતું. પ્રેમલા સાથે સૌ ઉપર પહોંચ્યા, દાદાને ભેટયા, પ્રેમલાએ પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરી, કુર્કટ તે બંધુ જોઈ રહ્યો અને તેની અનુમોદનામાત્ર કરીને તેણે પોતાના મનને શાંત કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવંતની પૂજા કર્યા પછી પ્રેમલા ફરતી ફરતી પવિત્ર સૂર્યકુંડ ઉપર આવી, અને ત્યાં શીતળ જળને ફરસીને આવતા શીતળ પવનનો લાભ મેળવવા બેઠી. કુકડાને હાથપર રાખ્યો. તે વખત કુર્કટે કરેલા વિચાર ખાસ ધ્યાન આપવા લાયક છે. આ સંસારની અસારતાનું ખરૂં ભાન દુઃખી અવસ્થા વખતેજ આ પ્રાણીને થાય છે. જેવું જ્ઞાન દુઃખની વખતે થાય છે તેવું જો સુખી અવસ્થામાં થતું હોત તો પ્રાણીમાત્રની સદ્ગતિ થયા વિના રહેજ નહીં; પરંતુ સુખને વખતે તો પ્રાયશઃ મનુષ્યો વિષયસુખમાં નિમગ્ન થઈ જાય છે, તે વખતે ધર્મ સાંભરતો નથી. સંસારની અસારતા કે અનિત્યતાનું સ્મરણ પણ થતું નથી. તે વખતે તો પોતાની વર્તમાન સ્થિતિ કાયમ રહેશે એમ માની તેમાં આસક્ત બની જવાય છે. ઉત્તમ જીવો તો તે વખતે પણ સાધ્ય ચુકતા નથી, પણ તેવા જીવો બહુ અલ્પ હોય છે. બાકી બહોળે ભાગે તો વિષયમાં અથવા કષાયમાં એટલે કે મુખ્યતાએ દ્રવ્યોપાર્જનમાં કે સ્ત્રીસંસર્ગાદિકમાં લુબ્ધ થઇ જનારાજ ઘણા જીવો દૃષ્ટિએ પડે છે. કુર્કટપણાની સ્થિતિમાં ચંદરાજાને સોળ વર્ષ વ્યતીત થઈ જતાં જે ખેદ થયો છે તે સ્વાભાવિક છે. તેવો ખેદ થવોજ જોઇએ, અને તેથી એવું જીવિત પણ અકારૂં લાગે એમાં આશ્ચર્ય નથી. **જોવું ને રોવું, દેખવું ને દાઝવું,** એ કહેવત તો તેને યથાર્થ અનુભવમાં આવેલી છે. એવે પ્રસંગે આવું ઉત્તમ સ્થાન મળવાથી ત્યાંજ ઝંપાપાત કરીને મૃત્યુ પામવું તેને યોગ્ય લાગે છે; પરંતુ તે વખતે **આત્મઘાત કરવો તે મહા પાપ છે. ઉત્તમ જીવોને તે ઘટિત નથી.** એ વાકય તેમજ **જીવતો નર ભદ્ર પામશે** એ વાકય સ્મરણમાં આવતું નથી. તે પ્રેમલાની નજર ચુકાવીને સૂર્યકુંડમાં ઝંપાપાત કરે છે અને 'આ શું ?' એમ વિચારતી પ્રેમલા પણ તેની પાછળજ તેને પકડવા અથવા તેની ગતિ તેવી મારી ગતિ ભલે થાય, એમ ચિંતવતી ઝંપાપાત કરે છે. તે પણ વિયોગના દુઃખવડે તો ચંદરાજાની સમાનજ દુઃખવાળી છે, માત્ર તેનું મનુષ્યપણું વિદ્યમાન છે એટલુંજ વિશેષ છે.

જ્યારે રોગની સ્થિતિ પૂરી થાય છે ત્યારે ધુળની ચપટીવડે પણ આરામ થઈ જાય છે, તેમ આજસુધી કોઇ પ્રકારે પણ પશુપણું ટળી શકયું નહોતું—તેનો ઉપાયજ હાથ લાગ્યો નહોતો, તે ઉપાય અણધાર્યો હાથ લાગે છે અને મંત્રિત દોરો કે જેના પ્રભાવથી કુકડાપણું પ્રાપ્ત થયું હતું તે એકાએક ત્રુટી જાય છે, તેથી ચંદરાજા અસલ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. શાસન દેવી બંનેને કુંડની બહાર લાવે છે, જો કે તે બંને પાણીમાં તરવાની કળાના જાણ હતા; તે કાંઇ બુડી જાય તેવા નહોતા. તેઓ કિનારે આવ્યા, સર્વત્ર જયજયકાર થયો, સૌ ખુશી ખુશી થયું અને આનંદનો તો મેઘ વરસ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં ચંદરાજાને મનુષ્યત્વ પ્રાપ્ત થવામાં આ તીર્થનો અને સૂર્યકુંડનો પણ પ્રબળ નિમિત્ત કારણરૂપ સમજવો. કારણકે જે કાર્યસિદ્ધિ અન્યત્ર પ્રબળ નિમિત્ત મળ્યા વિના થતી નથી, તે કાર્યસિદ્ધિ પ્રબળ નિમિત્ત કારણ મળ્યે તત્કાળ થઈ જાય છે. આ પ્રભાવિક તીર્થ પ્રાણીના મનવાંછિતની સિદ્ધિ કરી આપનાર છે. તેના સેવનથી આ ભવના સુખની પ્રાપ્તિ થાય તેમાં તો શું આશ્ચર્ય ! પણ આખી ભવશ્રેણી તોડી નાખી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે પહોંચાડી દે એવું આ પ્રભાવિક તીર્થ છે. માત્ર તેની સેવા કરનારના હૃદયમાં તથાપ્રકારનો ઉજ્જવળ-નિર્મળ ભાવ પ્રકટ થવો જોઈએ. કારણકે ઉપાદાન શુદ્ધ થવાની સૌથી પ્રથમ અપેક્ષા છે.

ચંદરાજા મનુષ્યત્વ પામ્યા પછી પ્રથમ કર્તવ્ય તરીકે પ્રેમલા તેમને કહે છે કે-' હે સ્વામી ! અહીં સ્નાન કરીને ત્રણ જગતના નાથની પૂજાભક્તિ કરો. ' આ પ્રથમ કર્તવ્ય તરીકે તે બતાવે છે. તેટલા ઉપરથી તેના હૃદયમાં તીર્થભક્તિ કેટલી છે તે અને પૌદ્ગળિકભાવ કરતાં આત્મિકભાવ તરફ કેવું ઉંચું વલણ છે તે સ્પષ્ટ સમજી શકાય છે. ચંદરાજા પણ તેની ઉત્તમ સલાહનો તરતજ સ્વીકાર કરે છે, અને જે કુંડના પ્રભાવિક જળથી પોતે મનુષ્યત્વ પામ્યા, તે કુંડનાજ જળવડે સ્નાન કરી પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા ભાવસંયુક્ત કરે છે. પછી એકલી ભાવપૂજા કરવા તત્પર થાય છે. તેની અંદર અનેક પ્રકારે પ્રભુના ગુણગાન કરે છે, તે આપણે હવે પછીના પ્રકરણમાં વાંચીશું. હાલ તો આ પ્રકરણની પ્રાંતે પ્રેમલા ને ચંદરાજાને થયેલા અપૂર્વ આનંદમાં ભાગ લઈએ અને આ પ્રકરણમાં આવેલ મોહનો વિલાસ, સંસારની અસારતા અને તીર્થનો પ્રભાવ-તદ્રૂપ રહસ્યને વિચારી આપણા આત્મામાં પણ તેને સ્થાન આપીએ. આગળ ઉપર તો હવે પુણ્યપ્રકૃતિજન્ય સુખસંચયનુંજ દર્શન કરવાનું છે; તેથી તેને માટે તત્પર થઈએ. આટલું કહી આ પ્રકરણ ને તેનું રહસ્ય સમાપ્ત કરવામાં આવે છે.

# કીર્તિપાલન.

## ( અગિયારમું સૌજન્ય. )

( અનુસંધાન પૃષ્ઠ ૨૨૫ થી. )

પ્રથમ કહી ગયા પ્રમાણે હોવાથી જ્યાં સુધી પ્રાણી વ્યવહારમાં હોય છે અને વિશેષ પ્રગતિ કરીને આગળ વધેલો હોતો નથી ત્યાં સુધી તેને લોકરૂચિ પ્રમાણે વ્યવહાર કરવાની ઇચ્છા રહે છે. પોતાના નાના કે મોટા વર્તુલમાં તેને માટે કોઈ ખરાબ શબ્દોમાં વાત કરે તે તેને પસંદ આવતું નથી અને પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરા પણ અપકીર્તિ થાય તો તેને તે બહુ દુઃખ ઉપજાવે છે. પોતાનું માન જાળવી રાખવા માટે અને સંબંધીઓ સારૂં બોલે તેને માટે તે બહુ કાળજી રાખે છે અને આબરૂને જરા હાનિ થાય તેવી કોઈ વાત કરે તો તે પણ તે સહન કરી શકતો નથી. કેટલાંક કાર્યો તે ખાસ પોતાની આબરૂ વધારવા અથવા નામ રાખવા ખાતરજ કરે છે. એક ગૃહસ્થના લગ્નાદિ પ્રસંગે થતા ખરચ સંબંધી વિચાર કરવામાં આવશે તો જરૂરીઆત કરતાં માન-પ્રતિષ્ઠાનું તત્ત્વ તેમાં કેટલું હોય છે તે જોવામાં આવશે. એવીજ રીતે બાહ્ય વર્તન અને ચર્ચાને અંગે જોવામાં આવે છે. દુનિયાદારીના લોકો આબરૂ મેળવવા અનેક પ્રયત્ન કરે છે, તેને જાળવી રાખવા અનેક કામો કરે છે અને તેને જરા પણ એબ લાગે તેવી વાત સાંભળી અતિ ખેદ પામે છે. આ તત્ત્વ મનુષ્યસ્વભાવમાં છે તે અવલોકન કરીને સમજવા યોગ્ય છે. એનો લાભ કેવી રીતે આત્મોત્થાનને અંગે લઈ શકાય તે જોઈશું.

સાચી હકીકત તો એ છે કે કોઈ પણ વિશિષ્ટ કાર્ય ફળની અપેક્ષા વગર કરવું. ફળની ઈચ્છા થતાં અમુક કાર્યમાં જે વિશિષ્ટ તત્ત્વ હોય છે તે નાશ પામે છે. ગુણપ્રચ્છાદનના સૌજન્યમાં મુખ્યત્વે એજ વાત કરી છે કે જ્યારે આ પ્રાણીની ફરજ અન્યના સદ્ગુણોની વધારે કિંમત કરવાની છે ત્યારે પોતાના ગુણોને ઢાંકી રાખવાની જરૂર છે. નિરાશી ભાવે કોઈ પણ કાર્ય કરવામાં આવે છે ત્યારે તેની મજા ઓર આવે છે. ચેતનજીની ફરજ-આત્મધર્મ એ છે કે એણે ઐહિક કે આમુષ્મિક કોઈ પણ પ્રકારના ફળની અપેક્ષા રાખ્યા વગર માનકીર્તિના લાભનો લોભ રાખ્યા વગર માત્ર સાધ્ય તરફ ગમન કરવાના ઈરાદાથી કોઈ પણ કાર્ય કરવું, પરંતુ એ સ્થિતિ ન બની આવે ત્યાં સુધી વ્યવહાર કેવી રીતે ચલાવવો તે ખાસ વિચારવા યોગ્ય છે.

મનુષ્યસ્વભાવનો આવિર્ભાવ લક્ષ્યમાં રાખી શરૂઆતમાં આબરૂ મેળવવાના ઈરાદાથી કોઈ કામ કરે તો પણ ભવિષ્યમાં વિચારણા કરી શુદ્ધ માર્ગ પર આવી જવાનો સંભવ રહે છે, એટલે શરૂઆતમાં માનકીર્તિને તેટલા પૂરતું અવલંબવામાં અડચણ લાગતી નથી. શરૂઆતમાં કદાચ માનકીર્તિની અપેક્ષા છોડી ન શકાય તો તેમાં બહુ વાંધો ન લઈએ તો પણ તેમાં એટલું તો હોવુંજ જોઈએ કે ફાંસી બહારનો દેખાવ ખોટો રાખી જે માન પ્રતિષ્ઠાપર હક પણ ન હોય તે મેળવવાની ઈચ્છા રાખનાર સાથે તો આપણને જરા પણ સહાનુભુતિ ન જ હોય. માન આબરૂ મેળવવાની ઈચ્છા રાખનારાઓનો કેટલોક ભાગ સાચી કે ખોટી રીતે તેની પાછળ પડ્યા કરે છે અને અંદરથી ગમે તેટલી દુરાચારવૃત્તિ હોય તો પણ જાણે પોતે આબરૂના હકદાર હોય એવી રીતે વર્તે છે. આ રીતિ તદ્દન ખોટી છે. ભવિષ્યની અપેક્ષાએ આવી માન મેળવવાની ઈચ્છાનો કંઈક બચાવ થઈ શકે; એનો ખુલાસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ થાય કે આગળ જતાં પ્રાણી પોતાની સ્થિતિ સમજી માન છોડી દેશે. પરંતુ એ માન છતા સદ્ગુણ માટે હોવું જોઇએ. પોતામાં ગુણ ન હોય તેને માન મેળવવાની ઇચ્છા થાય તે અતિ અધમ છે, ગુણપ્રાપ્તિમાં પાછળ હઠાવનાર છે અને વ્યવહારથી અને વિશિષ્ટ દૃષ્ટિથી વર્જવા યોગ્ય છે.

પ્રતિષ્ઠા–આબરૂ મેળવવાની અને તેને જાળવી રાખવાની વ્યવહારને અંગે જરૂર એટલા માટે સ્વીકારવામાં આવે છે કે તેથી કાર્ય કરવામાં એક પ્રકારની પ્રેરણા થાય છે. જ્યાં સુધી વિશિષ્ટ સાધ્યનો સ્પષ્ટ ખ્યાલ થતો નથી અને તેને પ્રાપ્ત કરવા નિર્ણય થતો નથી અને તે નિર્ણયને વળગી રહેવા દૃઢ ભાવના થતી નથી ત્યાં સુધી શુભમાર્ગ પર દોરનાર તત્ત્વ માન–પ્રતિષ્ઠા છે. સારી આબરૂ જાળવી રાખવા માટે પ્રયત્ન કરવામાં કાંઇ નુકશાન ખાસ નથી. માત્ર જે ઉત્તમ લાભ કાર્યપરત્વે થવાનો હોય છે તેના ફળની મર્યાદા બહુ ટુંકી થઇ જાય છે, છતાં પ્રેરક તરીકે તે બહુ ઉપયોગી છે. વ્યવહારમાં કીર્તિને કેવું પ્રાધાન્ય આપવામાં આવે છે તે આપણે વિચારીએ. એક ચાલુ ઉક્તિમાં કહે છે કેઃ—

**નામ રહંતા ઠક્કરા, નાણાં નહિ રહંત;**
**કીર્ત્તિ કેરા કોટડા, પાડ્યા નહિ પડંત.**

"ઠાકોર–રાજા રાણા–લડવૈયા રજપૂતોને ઉદ્દેશીને અહીં કહે છે કે, ઠાકોરો! આ દુનિયામાં પૈસા કોઇના બેસી રહેતા નથી, નામ–આબરૂ રહી જાય છે. કીર્ત્તિના કોટ કોઇ પાડી શકતું નથી; ધનમાલ હોય તો લુંટી જઇ શકે છે, પણ આબરૂને લુંટવાની કોઇની તાકાત નથી." આવા પ્રકારની બિરૂદાવળી બોલાતી હોય તે વખતે પોતાની ફરજ બજાવવાનો કેવો સારો ખ્યાલ રહે તે સહજ સમજાય તેવું છે. ધર્મયુદ્ધ કરનાર, શત્રુને તૈયાર થવાની ચેતવણી આપનાર, રાત્રિના કે અંધારામાં છાપો મારવામાં નિર્દયપણું સમજનાર, યુદ્ધમાં સિંહની જેમ લડનાર રજપુતો કીર્તિ ખાતર કેવા શુદ્ધ પરાક્રમો કરતા હતા તે વર્તમાન યુદ્ધમાં નહિ લડનાર ગામવાસી પ્રજાપર થતા હુમલાઓ, શત્રુને ભૂલથાપ ખવરાવવાની યુક્તિઓ અને નિર્દય શસ્ત્રોના ઉપયોગ સાથે સરખાવતાં કીર્તિપાલનના ઉચ્ચ ગુણની મહત્તા દર્શાવે છે. એવા વીરનરો જ્યારે સર્વસ્વનો ત્યાગ કરી ધર્મમાર્ગમાં જોડાય છે ત્યારે એવી પ્રબળ રીતે પોતાની જાતપર અંકુશ રાખી શકે છે, તેને પોતાના લીધેલા નિયમો છોડવામાં એટલી કાયરતા લાગે છે અને તેને ધર્મધ્વજ ફરકાવવાની ફરજ એટલી ઉચ્ચ લાગે છે કે તે કાર્યક્ષેત્રમાં પણ તે જરૂર નામ કાઢે છે. આવી રીતે કીર્તિને પાળવાના ખ્યાલથી એકંદરે બહુ લાભ થાય છે, કારણકે સ્થૂળ બાબતમાં આદરેલ નિયમ પછી જીવનનો એક ભાગ બની જાય છે, સ્વાભાવિક બની જાય છે અને તેને મૂકવાનું મન થતું નથી. આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણથીજ કીર્તિને જાગતી રાખવાની જરૂરીઆત વારંવાર બતાવવામાં આવે છે, કીર્ત્તિ સ્વતઃ કાંઇ લાભ કરનાર નથી, કારણકે અહીં કોઈ બેઠી રહેવાનું નથી; પણ તેનો ઉંચો ખ્યાલ હોય તો તે પ્રેરક તરીકે બહુ ઉપયોગી ભાગ બજાવે છે. દલપત્તન-પુરમાં શૃંગારસુંદરીના વિવાહપ્રસંગને અંગે શ્રીપાળ મહારાજ દક્ષા નિપુણા વિગેરે પાંચ સખીની સમસ્યા પૂર્યાપછી છેવટે શૃંગારસુંદરીની સમસ્યા પૂરતાં કહે છે કેઃ—

**જીવંતા જગ જસ નહિ, જસ વિણ કાંઈ જીવંત;**
**જે જસ લેઈ આથમ્યા, રવિ પહેલા ઉગંત.**

સુંદરીનો પ્રશ્ન એ હતો કે 'પ્રભાતમાં સૂર્ય પહેલાં ઉગે છે'—**રવિ પહેલા ઉગંત** તે સમસ્યાની પાદપૂર્તિ કરતાં શ્રીપાળ મહારાજ બહુ યુક્તિપુરઃસર કહે છે કે "જે પ્રાણી અહીં જશ વગર—માન આબરૂ કીર્તિ વગર—જીવતો હોય તે ખરેખર જીવતોજ નથી, મતલબ તેનું જીવન વાસ્તવિક જીવન નથી પણ તે જીવતે મુવા જેવોજ છે. માન કીર્તિ વગર જીવવું એ વ્યવહારદૃષ્ટિએ તદ્દન નકામું છે અને વ્યવહારથી તેવો પ્રાણી મરી ગયેલો છે એમ કહેવામાં અથવા તો તેનું જીવિતવ્ય વસ્તુતઃ છેજ નહિ એમ કહેવામાં અડચણ નથી. એવી રીતે જીવવું કે ન જીવવું સરખું છે. ચોરી કરનાર, દગા ફટકા કરનાર, સોનેરી ટોળીના અધમ પરાક્રમ કરનાર, કાંસીઆ, ચાડીઆ, અભિમાની, અતિ વિષયી, અપ્રમાણિક, પરધન કે પરદારામાં આસક્ત, વાતવાતમાં મીજાસ કરનાર, પરના અવગુણ બોલનાર, અન્ય ઉપર મત્સર કરનાર, અન્યનો તિરસ્કાર કરનાર, લોભી, કૃતઘ્ની, માયા કપટ કરનાર, અને એવા એવા એક કે વધારે દુર્ગુણમાં આસક્ત પ્રાણીઓ જીવે કે ન જીવે તે સરખું છે, તેઓ અહીં આવ્યા અને જીવન વહન કર્યું તે નહિ જેવું છે. તેઓ જીવતાં હોય છે ત્યારે માનહાનિ પામે છે અને મરી જાય ત્યારે તેમને કોઇ સંભારતું નથી. પરંતુ જેઓ સૌમ્ય પ્રકૃતિવાળા, દાન આપનારા, શાંત, પોતાની ફરજ બજાવનારા, સત્ય માર્ગે ચાલનારા, પ્રમાણિક વ્યવહાર કરનારા, પોતાના સંબંધમાં આવનાર પર ઉપકાર કરનારા, દયાળુ, નમ્ર, ધીરજવાળા, કૃતજ્ઞ, પરભવની બીક રાખનારા અને એવા એક કે અનેક સદ્દગુણ ધારણ કરનારા હોય છે અને કરેલ નિયમોને દૃઢપણે ચીવટથી વળગી રહેનાર હોય છે તેઓ પોતાની મહત્તાને અંગે જીવનમાં માન પામે છે, પોતાની માન લેવાની ઈચ્છા હોય કે ન હોય પણ લોકો તેની ગેરહાજરીમાં પણ તેનું સારૂંજ બોલે છે, અને મરણ પછી પણ સૂર્ય પહેલાં તેનું નામ લેવાય છે. મહાત્મા પુરૂષોને આદર્શ રૂપ ગણી, વિશુદ્ધ વર્તન કરનારને ભાવનારૂપ ગણી તેઓનાં નામ પ્રભાતમાં લેવાનો આર્યાવર્તનો નિયમ જાણીતો છે. જેઓ સારૂં જીવન નિર્વહન કરે છે તેઓ પ્રભાતનું નામ થઈ જાય છે. કોઇ માણસો પ્રભા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમાં કૃપણ, દરીદ્રી, લોભીનાં નામ લેતાં નથી, પણ આવા પુરૂષોનાં નામ લે છે. સૂર્યઉદય પહેલાં જાગવાનો નિયમ અને તેના લાભો જાણીતા છે. તે વખતે આ પણે ભરતેશ્વર, બાહુબલી, ચંદનબાળા, ગૌતમગણધર આદિ મહાન્ સત્ત્વોનાં નામો લઇએ છીએ. એવા પુરૂષો આ મનુષ્યદેહમાં નથી છતાંપણ મનુષ્યના હૃદયમાં તો જીવતાજ છે. ”

એક શ્રીપાળનું નામ સંભારીએ તો તેટલાથી પણ આપણને તેની મહત્તા કેટલી હતી તેનો ખ્યાલ આવે છે. એનું નૈસર્ગિક રીતેજ ચારિત્ર એટલું ઉત્તમ હતું કે એવા જીવોની પ્રગતિ જરૂર થાય. ધવળ શેઠ જેનું નામ પ્રભાતમાં લેતાં કોઈ પણ પ્રાણી અચકાયા વગર નહિ રહે તેણે તેને કષ્ટમાં પાડવા અનેક ઉપાય કર્યા, તેને સમુદ્રમાં નાખી દીધો, તેને ડુંબનું કલંક લગાડ્યું, છેવટે તેને પોતાના હાથથી મારી નાખવા પ્રયત્ન કર્યો, પરંતુ શ્રીપાળે પોતાની નૈસર્ગિક મહત્તા છોડી નહિ. એનો આત્મસંયમ એટલો જબરો હતો કે એને મનમાં પણ ધવળ શેઠ ઉપર કંટાળો આવ્યો નહિ. સૌજન્યનો આ ઘણો સુંદર દાખલો છે. એવા સત્પુરૂષની અહીં કીર્તિ થાય અને એવી કીર્તિની પાલના થયા કરે એ તદ્દન યોગ્ય છે, યોગ્ય નિયમને અનુસરતું છે અને બનવા જોગ છે. શૃંગારસુંદરીની સમસ્યા-પાદપૂર્તિમાં તેઓ કહે છે કે ‘ એવા પુરૂષનું જીવન એજ ખરૂં જીવન છે અને તેઓ ખરેખર યોગ્ય રીતે રવિ પહેલાં ઉગી નીકળે છે. ’ દુનિયા એવા મહાત્મા પુરૂષોને ભૂલી શકતી નથી, એની વાત સંભારી સંભારીને વારંવાર કરે છે અને વાત કરવામાં પણ પોતાને માન મળેલું ગણે છે, એનું નામ જીવન કહેવાય, એનું નામ વ્યવહાર કહેવાય, એનું નામ વાસ્તવિક સ્વરૂપજ્ઞત્વની શરૂઆત કહેવાય. એમણે આખા જીવનમાં જરા પણ ઉશ્કેરે તેવો ભાગ ભજવ્યો હોય તો તે માત્ર પ્રજાપાળ રાજાને–પોતાના સસરાને–કોહાળી સહિત આવવાની આજ્ઞા હતી. પરંતુ તેમાં પણ મયણાસુંદરીની ઇચ્છા અને જૈનધર્મની મહત્તા દર્શાવવાની ઇચ્છાને પ્રાધાન્ય મળ્યું હતું; અને એવી ઇચ્છા છતાં રાજાને દૂરથી એવા પ્રકારે આવતાં જોતાંજ પોતાની મહત્તા જાગ્રત થઈ ગઇ અને પોતે ઉઠીને તેનો કુહાડો લઈ લીધો અને અલંકાર પહેરાવી સિંહાસનારૂઢ કર્યો. આ સર્વ બાબત શ્રીપાળની મહત્તા બતાવે છે. એમના જીવનમાં જે વિશાળ દ્રષ્ટિ એમણે બતાવી છે તે જીવન નિર્વહન કરવાની અગત્યની કુંચીઓ પૂરી પાડે છે. એવી રીતે જે મહત્તામાં જીવન ગાળે તે કીર્તિની પાલના સારી રીતે કરે છે. આવા પ્રકારે કીર્તિપાલના કરવી એ જીવનનો અગત્યનો ભાગ બજાવે છે.

જીવનવહન કરવા માટે ચારિત્રધારણ બહુ અગત્યનો ભાગ બજાવે છે. અમુક બાબતમાં ચોક્કસ નિયમોને અનુસરીને ચાલવું એમાં ચિત્તની મહત્તા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, પછી તે નિયમોને અનુસરવામાં ધનની કે બીજી સગવડોની હાનિ થતી હોય તો તેની દરકાર કરવી ન જોઇએ. આવી રીતે અમુક નિયમોને ચીવટથી વળગી રહેનારનું એક પ્રકારનું જીવનનું ધોરણ મુકરર હોય છે અને તેને અનુસરવામાં ગમે તેટલો આત્મભોગ આપવાની તત્પરતાને અંગે તેનો અમુક પ્રકારનો 'યશ' થાય છે. એ યશને મેળવાનો પ્રબળ ઇચ્છા તે યશ ખાતર નથી હોતી, પરંતુ નિયમને વળગી રહેવાની ચીવટને અંગે હોય છે આ દૃષ્ટિથી વિચાર કરતાં કીર્તિપાલના એ ખાસ મહત્ત્વ દર્શાવનાર સદ્ગુણ થાય છે. એટલું ખરૂં કે ચારિત્ર-બંધારણના નિયમોનો નિર્ણય કરવામાં બહુ વિશાળ નજર રાખવાની, અવલોકન કરવાની અને વ્યવહારદક્ષતા સમજવાની જરૂર રહે છે. પરંતુ યોગ્ય સંભાળ-પૂર્વક અમુક જીવન નિર્વહન કરવાના નિયમો બંધાઇ ગયા તેને પછી પ્રાણાંત કષ્ટ પડે, ગમે તેટલો આત્મભોગ આપવો પડે તોપણ મૂકવા નહિ–આનું નામ કીર્તિપાલના છે. એમાં કીર્તિની ખાતર કાર્ય કરવાની ઇચ્છા જરાપણ રહેતી નથી, પણ નિયમને અનુસરવાની ચીવટ એ સૌજન્ય છે. આપણે એનો દાખલો લઇએ. હરિશ્ચંદ્ર વિગેરેનાં ચરિત્રો વાંચવાથી, આત્મગુણ અને ફરજનો સ્પષ્ટ ખ્યાલ થવાથી કે બીજી કોઇ રીતે, અમુક માણસે એવો નિર્ણય કર્યો કે સત્ય વચન ગમે તે ભોગે બોલવું. હવે પ્રસંગ એવો બની આવે કે એક અસત્ય વચન બોલે તો તેને લાખો રૂપિયાનો લાભ મળે, અથવા સારી જગો મળે અથવા બીજો કાંઇ મોટો લાભ થાય–આવો પ્રસંગ આવતાં લાલચને લાત મારનારના મનમાં કીર્તિ મેળવવાની ઇચ્છા હોતી નથી, પણ નિયમપાલનામાં કીર્તિ મળી જાય છે અને એવી કીર્તિપાલના કરવી એ આત્મસંયમને અંગે બહુ અગત્યનો ભાગ બજાવે છે.

કોઇપણ કાર્ય કીર્તિ મેળવવાના ઇરાદાથી કરવામાં મજા આવતી નથી અને તે અનુષ્ઠાન પણ ઠીક થતું નથી. આલોક કે પરલોકની ઇચ્છાથી કરેલા અનુષ્ઠાનને વિષ અને ગરલ અનુષ્ઠાન અનુક્રમે કહેવામાં આવે છે. એ બન્ને ત્યાજ્ય છે. આટલી વાત છતાં પણ અહીં કીર્તિપાલન માટે ખાસ સુજનત્વ બતાવવામાં આવ્યું છે, તેનો આશય વ્યવહારમાં આગળ વધવાની ઇચ્છા રાખ-નાર, મુમુક્ષુને અંગે પ્રગતિ કરાવનાર તરીકે હોય તેમ સ્પષ્ટ લાગે છે. શ્રીભગ-વત્ ગીતામાં પણ સ્પષ્ટ કહ્યું છે કે "તારો અધિકાર કાર્યપર છે, ફળ ઉપર નથી. તારે ગમે તે કરવું તે ભગવત્પાદમાં અર્પણ કરવું." આ પ્રમાણે કહે-વાનો આશય ધન માન કે પરભવમાં શુભપદપ્રાપ્તિની ઇચ્છાનો ત્યાગ બતાવે છે. આટલું છતાં પણ જેઓનું ઉત્થાન હજુ થવાનું છે, તેને માટે જેણે શરૂઆત કરી છે અને જે આગળ વધવાનો ઇચ્છા રાખે છે તે કદાચ કીર્તિ મેળવવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાતરજ કોઈ કાર્ય કરે તો તે બહુ ગર્હ્ય નથી. સાંસારિક અપેક્ષાએ પ્રાથમિક અવસ્થામાં કીર્તિપ્રાપ્તિ માટે પ્રાણીને વિશેષ ઇચ્છા રહ્યા કરે છે એ સ્વાભાવિક છે. એવા વખતમાં આગળ વધવા માટે કદાચ લોકરૂચિ મેળવવા ખાતરજ અમુક અનુષ્ઠાન કરવામાં આવે તોપણ આગળ જતાં તેથી તેનું ચારિત્રબંધારણ થઈ જતું હોવાથી તે આદરવા યોગ્ય છે.

આટલા ઉપરથી જણાય છે કે પ્રેરક તરીકે કીર્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા આત્મ પ્રગતિની શરૂઆતમાં ઉપયોગી ભાગ બજાવે છે, નિયમોને ચીવટથી વળગી રહેવાની ઇચ્છાથી આગળ વધતાં કીર્તિ થઇ જાય છે, તેને માનને અંગે ઇહભવ ફળની અપેક્ષા સાથે સંબંધ નથી અને તેવી રીતે કીર્તિપાલના થઇ જતી હોય તેમાં તો કોઈ પણ પ્રકારે વાંધો લેવા જેવું છેજ નહિ. માન થઈ આવે ત્યારે વિચાર કરવો યુક્ત છે કે એમાં કાંઈ દમ નથી, માન આપનાર અને લેનાર થોડા વખતમાં ચાલ્યા જવાના છે, પણ પોતાની આબરૂ જાળવી રાખવા માટે અમુક નિયમને અનુસરવાની ઇચ્છા થાય તેમાં કાંઈ અડચણ જેવું નથી. કાર્ય–શુભ અનુષ્ઠાન કરવા પહેલાં સદ્ગુણ સેવનના પ્રેરક તરીકે કીર્તિનો વિચાર ઉપયોગી છે, કાર્ય થઇ ગયા પછી તેનું અભિમાન કરવું એ ત્યાજ્ય છે.

આ સંબંધમાં સમાજનો અંકુશ બહુ ઉપયોગી થાય છે. જ્યાં સુધી આત્મ જાગૃતિ યથાયોગ્ય ન થઈ હોય ત્યાંસુધી પોતાના સંબંધીઓના અભિપ્રાય ઉપર બહુ આધાર રહેછે. આથી ઉઘાડી રીતે દુરાચાર સેવનાર અધમ માણસોને બાદ કરીએ તો બીજા સર્વ સમાજના–એટલે કે પોતાના સંબંધીવર્ગના અભિપ્રાય ઉપર બહુ આધાર રાખે છે અને તેઓમાં પોતાની માનહાનિ ન થાય તે માટે બહુ આતુર રહેછે. દૂર દેશમાં અપરિપક્વ વયમાં યુવકને ન મોકલવા માટે કેટલાકો આગ્રહ કરે છે તેમાં એક એ પણ તત્ત્વ હોય છે કે ત્યાં સમાજનો અંકુશ ન રહેવાથી પાત થાય છે અને ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, સ્વદારા સંતોષાદિ નિયમો રાખવા માટે જે પ્રેરક તત્ત્વ હોય છે અથવા જે બંધનકારક તત્ત્વ હોય છે અને નીતિના બીજા અનેક નિયમોને તથા કુળધર્મોને પાળવાની મર્યાદા હોય છે તેનો ત્યાં નાશ થાય છે. આ બાબતમાં બાલ્યવયથી સંસ્કાર આદિ અનેક વાત વક્તવ્ય છે જે અત્ર પ્રસ્તુત નથી, પરંતુ એમાંથી એક રહસ્ય પ્રાપ્ત થાય છે તે એ છે કે દૂર દેશમાં–પરદેશમાં સમાજનો અંકુશ રહેતો નથી. આ રીતે વિચારતાં બાળ જીવોને કીર્તિપાલનનો ખ્યાલ માર્ગપર રાખવામાં કેટલો ઉપયોગી ભાગ બજાવે છે તે જણાઈ આવે છે.

આવી રીતે આદરેલ નિયમોને વળગી રહેવામાં ચીવટ રાખી પોતાની આબરૂ જાળવી રાખવી, દિવસાનુદિવસ તેમાં વધારો કર્યા કરવો અને તેને કલંક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગે તેવું કોઇ કાર્ય કરવું નહિ. જેઓ નેતા જેવી સ્થિતિમાં હોય તેણે પોતાની કીર્તિપાલનામાં વધારે ચીવટ રાખવાની જરૂર છે. તેઓનાં દૃષ્ટાન્તથી ઘણાં માણસો ખરાબ માર્ગે ચાલ્યા જાય છે. અમુક ગૃહસ્થ આ પ્રમાણે કરે છે કે વર્તે છે તો પોતાને શું વાંધો—આવા પટવાઈ દાખલાઓ લેવાની લોકરીતિ જો કે પ્રશસ્ય નથી, છતાં તેવી પદ્ધતિ છે, તે જોઇને નેતાઓએ પોતાના વર્તન માટે પોતાના લાભ ખાતર ચીવટ રાખવા ઉપરાંત અન્યના હિત ખાતર પણ સંભાળ રાખવાની ખાસ જરૂર છે. આગેવાન અથવા નેતાને માથે એક ખાસ ફરજ છે કે એણે અન્ય તેનું દૃષ્ટાન્ત લઇ ખરાબ માર્ગપર ચાલ્યા જાય તેવી સ્થિતિમાં પોતાની જાતને કદિ મૂકવી નહિ. કીર્તિપાલનાનો નિયમ તેઓને બહુ સારી રીતે લાગુ પડે છે અને તેમાં ગફલતી કરતાં તેઓ પોતાની જાતને અને અન્ય અનેકને બહુ નુકશાન કરે છે.

માનભંગ અવસ્થામાં આ દુનિયામાં રહેવું તે ઘણાને મરણતુલ્ય જણાય છે. જો નીતિ નિયમોથી પાત થવાને લીધે માનભંગ થયેલ હોય અથવા થવાનો હોય તો તેમ ન થવા દેવાની ખાસ જરૂર છે. બાકી વ્યવહારૂ, માન, કીર્તિ માટે જેવો જીવનનો ખ્યાલ હોય તેમ વર્તવું. અમુક રીતે વરઘોડા ન કાઢવામાં માન-ભંગ માનનાર કે જમણવાર ન કરવામાં આબરૂને હાનિ માનનારના વ્યવહારૂ વિચારો ગમે તેવા હો તેને આત્મિક ઉન્નતિ સાથે સંબંધ નથી, છતાં માનભંગ થવાથી જે સમાજમાં જન્મ થયો હોય તેને કાંઇ લાભ ન કરી શકાય તેવા ઉતાવળીઆ સુધારાઓ કર્તવ્ય મનાય તોપણ સંભાળથી લોકસમક્ષ મૂકવા અને સમાજની ઉન્નતિ ક્રમસર અને ધીમી થાય છે એ નિરંતર લક્ષ્યમાં રાખવું. ઉંચામાં ઉંચા સુધારાઓ રજુ કરવામાં તર્કની દૃષ્ટિએ દોષ ન લાગતો હોય તોપણ દેશ કાળ ભાવ વિચારવાની વ્યવહારમાં ખાસ જરૂર છે. સમાજ સાથે જેમ ઘસડાઇ જવાની જરૂર નથી, તેમ ઉત્કટ રીતે આક્ષેપક શૈલીથી સમાજને નાકેથી ખેંચવાનો પણ અધિકાર નથી. યોગ્ય વિચાર કરી શાંતિ રાખી સમાજને ધીમે પણ મક્કમ રીતે દોરવાનો નિયમ આદરવાથી આ જીવનમાં કાંઈ કરી શકાય છે અને તેટલી અપેક્ષાએ માનની બાબતમાં વિચાર કરવાની આવશ્યકતા રહે છે. અહીં જે માનપર વિચાર રાખવાનું કહેવામાં આવે છે તે પોતાના હિત ખાતર અથવા સ્વાર્થી તરીકે નહિ, પણ આબરૂ—કીર્તિ ગયા પછી કાંઇપણ કરી શકાય તેવો પોતાનો અભ્યાસ અથવા બીજા સંયોગો હોય તે આવેશને લઇને ફેંકી દેવાની ઉતાવળ ન થાય તેને અંગે ચેતવણીરૂપે છે.

ગુણપ્રચ્છાદનને અને આ વિષયને વિરોધ નથી. સદ્ગુણને ઉઘાડા પાડવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર નથી, માનમાં મહત્તા નથી તેથી આત્મિક ગુણમાં ખાસ વધારો થતો નથી. આ વાત આગળના વિષયમાં સ્પષ્ટ કરી. અહીં પ્રાપ્ત થયેલ માન કીર્તિને સ્વપર હિત ખાતર જાળવી રાખવાની જરૂર આત્મપ્રગતિને અંગે બતાવી. માન માટે કોઇ કાર્ય કરવું નહિ, પણ અમુક આબરૂ બંધાઈ ગઇ હોય તેને સત્ય માર્ગે જાળવી રાખવી, દોષની સેવના કરવી નહિ, એ વાત ઉચિત છે, તેમજ જાહેર રીતે કે પ્રચ્છન્ન રીતે તેને આદરવાનો વિચાર આવે ત્યારે પોતે કેવી મહત્તાને સ્થાને હતો તેપર પણ ધ્યાન રાખવું જોઈએ. સદ્‌ગુણ પ્રાપ્તિમાં માનની જરૂર નથી, પણ એની જાળવણી કરી રાખવાનો પ્રસંગ આવે ત્યારે કદાચ બીજા લાંબા વિચારો ન આવે, વિભાવદશાનું જોર થઈ જાય અને ચેતન વિસરાઈ જાય તો પણ છેવટે માન જાળવી રાખવાની ખાતર પણ ગુણને છોડી ન દેવા, દોષને આદરવા નહિ અને સ્વસ્થાન જાળવી રાખવું–આ આખા વિષયનું રહસ્ય છે, એનું વારંવાર મનન કરવું. એ પર જેમ વિચાર કરવામાં આવશે તેમ તેમાંથી બહુ નવીન પ્રતિભાસ થતો જશે. માન ખાતર કામ કરવામાં આત્મિક લાભ નથી, મળેલી આબરૂ જાળવી રાખવા ખાતર કામ કરવામાં પણ આત્મિક લાભ નથી, પણ એક વખત અમુક સ્થિતિ બની રહે તો આગળ પ્રગતિ થાય છે અને તેવી રીતે ટકાવ કરી રાખવામાં કદાચ આત્મિક લાભ લક્ષ્યમાં ન હોય પણ માન–આબરૂ કીર્તિનો ખ્યાલજ રહે તો પણ આગળ વધવાના પગથીઆ તરીકે તે ઉપયોગી હોવાથી તેને સંસ્થાપક અને પ્રેરક તરીકે બહુ ઉપયોગી સ્થાન આપવામાં આવ્યું છે, આટલી વાત ધ્યાનમાં રાખી જે કીર્તિ પ્રાપ્ત થઈ હોય તેની પાલના લક્ષ્યબિન્દુ પ્રાપ્ત કરવાની નજરે કર્યા કરવી.

એ કીર્તિપાલનને સૌજન્ય ગણવાનું કારણ હવે સ્પષ્ટ જણાય છે. કીર્તિને જાળવી રાખવાથી આગળ પ્રગતિ થાય છે, વધારો થાય છે, ઉત્ક્રાન્તિમાં વધારો થવાનો પૂરતો સંભવ રહે છે. લાભ થાઓ કે ન થાઓ, એ જૂદો સવાલ છે; પણ કીર્તિપાલના પર મક્કમ રહેવાથી નુકશાન થતું નથી અને '**પપા પાપ ન કીજીએ તો પૂન્ય કીધું સો વાર**' એ વ્યવહારિક ઉક્તિ પ્રમાણે એથી જે આડકતરો લાભ થાય છે તે અવર્ણ્ય છે. એ નિયમ લક્ષ્યમાં રાખી જેમ બને તેમ કીર્તિની પાલના કરવી અને તે હોય તેટલી બની રહે તેટલું ધ્યાનમાં રાખવું તેમજ આત્મિક વધારા માટે તેમાં વધારો કર્યા કરવો, એ સંત જીવો–મુમુક્ષુ મહાત્માઓનું લક્ષણ છે.

મૌક્તિક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आवश्यकना सूत्रो संबंधी प्रश्नोत्तर.

પ્રશ્ન.—પ્રતિક્રમણના સૂત્રોમાં જિનેશ્વરાદિના સ્તુતિ ગર્ભિત સૂત્રો કયાકયા છે?

ઉત્તર—નવકાર-લોગસ્સ-પુખરવરદી-સિદ્ધાણંબુદ્ધાણં-જંકિંચિ-નમુથ્થુણં-અરિહંત ચેઈઆણં-જગચિંતામણિ-જાવંતિ ચેઈયાઈ-નમોર્હત્-ઉવસગ્ગહરં-નમોસ્તુ વર્ધમાનાય-વિશાળલોચન-વરકનક-ચઉક્કસાય-સકળતીર્થ-લઘુ શાંતિ-સકલાર્હત્-વૃહત્શાંતિ-અજિતશાંતિસ્તવ-ઈત્યાદિ અરિહંત સિદ્ધાદિની સ્તુતિગર્ભિત સૂત્રો છે.

પ્ર૦—પ્રતિક્રમણના સૂત્રોમાં ખાસ ગુરૂમહારાજની સ્તુતિ વિગેરેને ઉદ્દેશીને તેને લગતા સૂત્રો કયા કયા છે?

ઉ૦—પંચિંદિય-ઇચ્છકારી-વાંદણા-અબ્ભુટ્ઠિઓ-આયરિય ઉવજ્ઝાએ-અડ્ઢાઇજ્જેસુ જાવંત કેવીસાહુ-થોભવંદન-ઈત્યાદિ ખાસ ગુરૂમહારાજની સ્તુતિ પ્રાર્થનાદિ ગર્ભિત સૂત્રો છે.

પ્ર૦—પ્રતિક્રમણના સૂત્રોમાં ખાસ પાપની આલોચના વિગેરેને ઉદ્દેશીને કહેલા કયા કયા સૂત્રો છે?

ઉ૦—ઇરિયાવહી-તસ્સઉત્તરી-અન્નથ ઉસસિએણં-સવ્વસવિ-ઇચ્છામિઠામિ-સાતલાખ-અઢાર પાપસ્થાનક-વંદિત્તુ-અતિચાર-ઈત્યાદિ પાપઆલોયણ નિમિત્તના સૂત્રો છે.

પ્ર૦—તમે પાડેલા ત્રણ વિભાગ સિવાયના સૂત્રો શું ઉદ્દેશીને કહેલા છે!

ઉ૦—એ સૂત્રો જૂદા જૂદા ઉદ્દેશથી કહેલા છે.

પ્ર૦—તે જુદા જુદા ઉદ્દેશ સમજાવશો?

ઉ૦—જુઓ! કલ્યાણકંદં, સંસારદાવા ને સ્નાતસ્યાની ચાર ચાર સ્તુતિ-અરિહંત, સર્વ અરિહંત, આગમ ને શાસનદેવની સ્તુતિ ગર્ભિત છે. અતિચારની આઠ ગાથા કહેવાય છે તેમાં પાંચ આચારનું વર્ણન છે, કરેમિભંતે-સામાયિકના પ્રત્યાખ્યાનરૂપ છે. સામાઇય વયજુત્તો-સામાયિક પારતી વખતે કહેવા માટે છે. એજ પ્રમાણે પોસહની કરેમિભંતે ને સાગરચંદો પોસહ માટે કહેલા છે. મન્હજિણાણંની સજ્ઝાય શ્રાવકના ૩૬ કૃત્યો સમજાવવા માટે છે. ભરહેસરની સઝાય ઉત્તમ સતાસતીઓના નામ સ્મરણાર્થે કહેલ છે. શ્રુતદેવતા ક્ષેત્રદેવતા ભુવનદેવતાની સ્તુતિઓ તેના તેના સ્મરણાર્થે કહેલ છે. વૈયાવચ્ચગરાણં તેજ હેતુરૂપ છે. ખમાસમણ દેવગુરૂવંદનાદિમાં સર્વત્ર પ્રવર્તે છે આ પ્રમાણે સર્વ સૂત્રો જુદા જુદા હેતુથી કહેલા છે.

પ્ર૦—આ બધા સૂત્રો ગણધર મહારાજના કહેલા છે કે તેમાં કોઇ ખાસ જુદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુદા આચાર્યાદિના રચેલા છે ?

ઉ૦—એનો બહોળો ભાગ તો આવશ્યક સૂત્રાંતર્ગત હોવાથી ગણધર મહારાજનો કહેલો છે. બાકી કેટલાક અન્ય આચાર્યાદિના કરેલા પણ છે.

પ્ર૦—અન્ય આચાર્યાદિના રચેલા કયા કયા સૂત્રો છે ?

ઉ૦—અમારા જાણવા પ્રમાણે નીચે પ્રમાણે જુદા જુદા આચાર્યાદિ કથિત છે.

૧ જગચિંતામણિ–શ્રીગૌતમસ્વામી કૃત છે, તેમણે અષ્ટાપદ પર્વતપર પધાર્યા ત્યારે ત્યાં કહેલ છે. એઓ મુખ્ય ગણધરજી છે.

૨ નમુથ્થુણં–જેનું બીજું નામ શક્રસ્તવ છે તેનો મોટો ભાગ શક્ર અથવા સુધર્મા ઇંદ્રનો કહેલો છે એમ શ્રીકલ્પસૂત્રપરથી જણાય છે.

૩ ઉવસગ્ગહરં–શ્રીભદ્રબાહુ સ્વામીકૃત છે, એમણે શ્રી સંઘનો ઉપદ્રવ નિવારવા માટે બનાવી આપેલ છે. તેમાંથી બે ગાથા પૂર્વાચાર્યોએ પ્રભાવિક હોવાથી સંક્ષેપી લીધી કહેવાય છે.

૪ જયવીયરાય–તેની પ્રથમની બે ગાથા પછીનો ભાગ પાછળથી આચાર્યોએ ઉમેરેલો છે.

૫ નમોર્હત્–નમોસ્તુવર્ધમાનાય–વિશાળ લોચન ને વરકનક એ બારમા અંગ દૃષ્ટિવાદમાંથી ઉદ્ધરેલ છે તેથી તે બોલવાની સ્ત્રીને આજ્ઞા નથી.

૬ સંસારદાવાની સ્તુતિ–શ્રી હરિભદ્ર સૂરિકૃત છે, તેમણે ૧૪૪૪ ગ્રંથો પૈકી પ્રાંતે એ ચાર સ્તુતિ સમસંસ્કૃત ભાષામાં રચેલી છે.

૭ લઘુશાંતિ–શ્રી માનદેવસૂરિકૃત છે, તે મરકીના ઉપદ્રવના નિવારણ નિમિત્તે બનાવેલ છે.

૮ વૃહતશાંતિ–શ્રીનેમિનાથ પરમાત્માની માતા શિવાદેવીએ દેવીપણામાં કરેલી છે.

૯ અજિતશાંતિસ્તવ–શ્રીનંદિષેણ મુનિ શ્રી નેમિનાથજીના અથવા મહાવીરસ્વામીના શિષ્યકૃત છે, એમાં પણ પાછળની ત્રણ ગાથા ક્ષેપક છે. શત્રુંજય મહાકલ્પમાં કહ્યા પ્રમાણે તેઓ નેમિનાથના શિષ્ય સંભવે છે.

૧૦ સકળાર્હત્–શ્રી હેમચંદ્રાચાર્ય કૃત છે. એ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રનું મંગળાચરણ છે.

૧૧ સ્નાતસ્યાની સ્તુતિ–શ્રીહેમચંદ્રાચાર્યના શિષ્ય બાળચંદ્ર મુનિની કરેલી છે.

૧૨ અતિચાર–કોઇ પૂર્વપુરૂષના મારવાડી ગર્ભિત ગુજરાતી ભાષામાં આધુનિક ગુંથેલા જણાય છે; ઘણા પ્રાચીન જણાતા નથી.

૧૩ સકળતીર્થ–શ્રીજીવવિજયકૃત આધુનિક છે.

૧૪ ભરહેસરની સજ્ઝાયની ૧૨ મી ગાથા શ્રીકલ્પસૂત્રમાંથી લીધેલી જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# उत्तमता ने आरोग्य प्राप्त्यर्थे नियमो.

૧. મન, વર્ત્તન અને જાતીયત્વના સત્ય ગુણોને કેળવો.

૨. જ્યારે તમને કોઈ પણ વસ્તુ તમારા માર્ગમાં માલુમ પડે ત્યારે તેનો સદુપયોગ કરો. તેમાંથી સારભૂત હોય તે ગ્રહણ કરો.

૩. શરીર સુસ્થિતિમાં હોય ત્યારે તમારા મન સાથે અને આખી સૃષ્ટિ સાથે શાંતિ રાખો, મનને કોઇ રીતે વ્યગ્ર થવા દેશો નહિ.

૪. કોઇ પ્રત્યે પણ અવિશ્વાસનો ભાવ હમેશાને માટે દૂર રાખજો. પ્રત્યેક વ્યક્તિ ઉપર વિશ્વાસ રાખજો. તેમ કરવાથી તમને સત્વરજ માલુમ પડશે કે દરેક ચીજ, દરેક વ્યક્તિ—સર્વ તમારે માટે સારૂં ધારે છે. તમારી ઉપર વિશ્વાસ રાખે છે.

૫. આ મહાન્ અને આશ્ચર્યોત્પાદક સત્ય હકીકતને હમેશાં ધ્યાનમાં રાખજો કે—"કોઈ ચીજ ઉપર લક્ષ્ય આપ્યા વગર તે કદીપણ તમને સ્પર્શ કરશે નહિ."

૬. જે બનાવ ઉપર આપણું લક્ષ્ય ખેંચાય છે, અથવા જે સ્થિતિની આપણે મનમાં વિચારણા કરીએ છીએ, તેજ બાબત અગર સ્થિતિની મન અને શરીર ઉપર અસર થાય છે, તેથી સારી હકીકતજ લક્ષ્યમાં રાખો અને સુસ્થિતિનાજ વિચાર કર્યા કરો.

૭. તમારા વ્યાધિ–દુઃખો માટે તમે કદી પણ બોલશો નહિ. જીંદગી, તેની શકિત, આત્મવિકાસ, સંપ, સંતોષ, આરોગ્ય વિગેરે આદરણીય વસ્તુ તરફ તમારૂં સમસ્ત ધ્યાન ખેંચી આધિ–વ્યાધિને જેમ બને તેમ ભૂલી જાઓ, તેવી રીતે લક્ષ્ય ખેંચાવાથી આધિ–વ્યાધિ તમને કલેશદાયી થશે નહિ.

૮ તમે તમારા મનથી કદી એમ માનશો નહિ કે કોઇ પણ વસ્તુ તમને ઈજા કરી શકે છે. જો કોઈ ચીજ તમને નુકશાન કરશે તેમ લાગે તો તેને દૂર કરો, પણ તે નુકશાન કરનારી છે તેવો વિચાર કદી કરશો નહિ.

૯. સર્વ સ્થળેથી–સર્વ વસ્તુમાંથી સારા પરિણામનીજ આશા રાખો, સર્વ સ્થિતિથી ફાયદોજ થશે એમ ખાત્રીથી માનો, એટલે સર્વ વસ્તુને અગર સર્વ સ્થિતિને તમે સારા રૂપમાંજ પરિણમાવી શકશો એમ ખાત્રીથી માનજો.

૧૦. કુદરતી કાયદાની સાથે મનથી અને શરીરથી સંપૂર્ણાંશે મળતા થઇને ચાલવાથીજ સંપૂર્ણ આનંદ અગર ઉત્તમ કાર્યકુશળતા મેળવી શકાય છે.

૧૧. સર્વત્ર આનંદજ નીરખો અને સર્વ કાર્યમાં કુશળ નીવડી તમે સુપરિણામજ લાવી શકશો તેમ ખાત્રીથી માનો, તે પ્રમાણે વર્તો એટલે સર્વ કાર્યસિદ્ધિ અવશ્ય થશેજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨. તમારા અંતઃકરણમાં ખાત્રીથી માનો કે સંપૂર્ણ આરોગ્ય તમે ભોગવશો. એટલે જેવા નિશ્ચયથી તમે તે માનશો તેવુંજ તમારૂં આરોગ્ય થશે.

૧૩. તમારાં શરીરને અને મનને સંપૂર્ણ આરોગ્યમાં ને શાંતિમાં રાખવા તમે પૂરા શક્તિવાન્ છો, અને તમે પોતેજ કોઈ પણ સમયે તમારા મનને અને શરીરને સંપૂર્ણ શાંતિમાં લાવી શકો તેમ છો, તેવી તમારી માન્યતા હમેશા દ્રઢતાથી ચાલુ રાખજો.

૧૪. અમુક હદ સુધીજ કાર્ય કરવાની તમારી શકિત છે તે વાત કદી સ્વીકારશો નહિ. દુનિયામાં જે મોટા વિશાળ કાર્યો કરવાનાં છે તેમાંથી કોઈ પણ મહાન્ કાર્ય કરવા તમે પૂરા શક્તિવાન્ છો તેમ હિંમતથી માનજો. અને તેવા અત્યુત્તમ કાર્ય કરવા માટે તમારી જીંદગી સાધનભૂત થવાની છે તેમ ચોકસરીતે મનમાં સમજજો.

૧૫. દરેક સમયે મનની સંપૂર્ણ ઉત્કૃષ્ટ સ્થિતિ માટેજ વિચાર કરજો. જ્યારે તમે આમ કરી શકવા સમર્થ છો તેમ જાણશો ત્યારે આ બહુ સહેલી બાબત થઇ પડશે. વળી તમારા મનમાં આ બાબત ચાલુ રીતે ઠસાવો કે તમે મનને ઉત્કૃષ્ટ સ્થિતિએ મૂકવા પૂર્ણ શક્તિવાન્ છો.

૧૬. જ્યારે તમને કોઇ બાબતમાં મુંઝવણ લાગે ત્યારે તમારા મનમાં માનો અને કહો કે "આ મુંઝવણ હમણાજ ચાલી જાઓ." પછી તે સ્થિતિ સત્વર ચાલી જાય છે તેમ તમારા મનમાં લાગણી ધરાવો, એટલે તેવી સ્થિતિ સત્વરજ ચાલી જશે.

૧૭. સર્વ સ્થળે અને સર્વ સ્થિતિમાં સારૂંજ માનો અને તે અંતઃકરણપૂર્વક ઉંડી લાગણીથી માનો. જેમ ઉંડી લાગણીથી તેમ માનશો તેમ તેની અસર વધારે થશે.

૧૮. સંસાર પ્રવાહમાં જે કાંઈ વિરૂદ્ધ સ્થિતિ–કષ્ટ આવી પડે તે સર્વને દૂર કરવા તમે ઘણા બળવાન્ છો તેમ જાણો, આ વાતનું વારંવાર રટણ કરો અને આ મહાન્ બળ પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણાંશે પ્રયત્ન આદરો. એટલે કોઈ પણ મુશ્કેલી કે સંકટ તમને વિઘ્નકર્તા રહેશે નહિ.

૧૯. સુઆરોગ્ય કુદરતી છે, તેવા દ્રઢ વિચારમાં હમેશા રહો. આખી જીંદગીમાં સંપૂર્ણ આરોગ્યવાન્ રહેવું તે કુદરતી છે અને શરીરના દરેક અવયવ આરોગ્ય રાખવા માટેજ કુદરત પ્રયત્નવાન્ રહે છે તેમ ખાત્રીથી માનો.

૨૦ માંદા પડવું, તબીઅત બગડી જવી, તે કુદરતથી વિરૂદ્ધ છે, તેવી દ્રઢતા રાખો. અને કુદરત મંદવાડ ઉત્પન્ન કરતીજ નથી તેમ ચોકસ ધારી કુદરતના કાયદાનુસાર દ્રઢતાથી વર્તો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧. નવરાશના વખતમાં સારા, મજબૂત, સત્ય, દ્રઢતાના વિચારો તમારા મનમાં કેળવો, તમારા મનમાં વાવેલા આ ઉત્તમ બીજો છે તેમ ચોક્સ રીતે તમે જાણજો કે જે બીજોમાંથી તેવીજ જાતના ઉત્તમ મહાન્ વૃક્ષો થશે.

૨૨. નહિ ઇચ્છવા લાયક જે સ્થિતિ તમારા માર્ગમાં તમને જણાય તે સર્વ ક્ષણિકજ છે, સ્થાયી અસ્તિત્વમાટે તેમને કાંઇ પાયોજ નથી અને તેને બદલે સુવિચારવાળા મનના શુભ આંદોલનોથી તે તરતજ દૂર થઇ શકે છે તેમ તમે ચોક્સ ધારજો.

૨૩. દરેક વખતે મનને શાંત, સ્થિર, નિયમિત સ્થિતિમાં રાખો. તમારા મનની આ ઉત્તમ સ્થિતિથી તમારી આંતરિક શક્તિનો બહુ વિકાસ થશે, અને તે શકિત સ્થાયી રહેશે.

૨૪. સંપૂર્ણ આરોગ્ય પ્રાપ્ત કરવા અને ચાલુ રાખવા તમે દ્રઢીભુત થજો, તેની પ્રાપ્તિ માટે તમારૂં સંપૂર્ણ લક્ષ્ય તે તરફ દોરજો; અને દ્રઢતાથી માનજો કે તમને જરૂરજ વિજય મળશે.

૨૫. તમારા શરીરના દરેક સ્થળે આરોગ્ય છે, તેમાં સંપૂર્ણતાજ રહેલી છે તેમ ખાત્રીથી માનવા તમારી જાતને ટેવ પાડજો, અને આ લાગણી એવી દ્રઢ અને ઉંડાણવાળી કરજો કે તમને સર્વત્ર તેમજ લાગે એટલે તમારા શરીરના દરેક ભાગમાંથી આરોગ્ય-બળજ પ્રગટ થશે.[1]

**કાપડીયા નેમચંદ ગીરધરલાલ.**

# ग्रंथावलोकन.

## શ્રી યુગાદિ દેશના (સોમમંડન ગણિકૃત.)

આ ગ્રંથ બહુ વખતથી કર્ણગત થયેલો, અમુક ભાગ વાંચેલો, અમુકભાગ સાંભળેલો અને તેનો રસ હ્રદયમાં રહેલો, તેથી તે ગ્રંથ સાદ્યંત વાંચવાની ઇચ્છા પ્રગટ થતાં તે છપાયેલ હોવાથી તેપરથી વાંચવાની શરૂઆત કરી. આ ગ્રંથ શ્રી ઋષભદેવ પરમાત્માએ પોતાના અઠાણુ પુત્રને જ્યારે ભરત ચક્રીએ પોતાનું સેવકપણું સ્વીકારવા કહેવરાવ્યું ત્યારે ' હવે આપણે મોટાભાઇ સાથે લડવું કે આજ્ઞા સ્વીકારવી ? ' ત્યારે તે વિષે પિતા ( ભગવંત ) ની સલાહ પૂછવા તેઓ આવતાં તેમને આપેલા ઉપદેશનો છે. તેની અંદર ઘણી રસીક અસરકારક કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથના પાંચ ઉલ્લાસ છે. તેમાં પ્રથમ ઉલ્લાસમાં કષાયનું ત્યાજ્યપણું બતાવી તે ઉપર એક સકષાયી કુટુંબનું દ્દષ્ટાંત આપેલું છે. તેની અંતર્ગત કામલક્ષ્મીની

1 From ' Eternal Progress.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસીક કથા આપેલી છે. બીજા ઉલ્લાસમાં મોહનું ત્યાજ્યપણું બતાવી તે ઉપર અભવ્યાદિ પાંચ પ્રકારના જીવોનું દ્રષ્ટાંત આપેલું છે. ત્રીજા ઉલ્લાસમાં લક્ષ્મીનું ત્યાજ્યપણું બતાવી તેની ઉપર પ્રથમ રત્નાકર શેઠનું દ્રષ્ટાંત અને પછી શુચિવોદ્ર, શ્રીદેવ, સંચયશીળ અને ભોગદેવ શ્રેષ્ઠીની કથાઓ આપેલી છે. ચોથા ઉલ્લાસમાં સ્રીનું ત્યાજ્યપણું બતાવી તેની ઉપર પાતાળસુંદરીનું ઘણું રસીક દ્રષ્ટાંત આપેલું છે. આ ઉલ્લાસને પ્રાંતભાગે ભગવંતના ઉપદેશથી પ્રતિબોધ પામી અઠાણુ પુત્રો ત્યાંજ દીક્ષા ગ્રહણ કરે છે. અને અલ્પકાળમાં કેવળજ્ઞાન પામે છે. પાંચમા ઉલ્લાસમાં ભરતચક્રી બાહુબળિને આજ્ઞા માનવાનું કહેવરાવે છે અને તેને પરિણામે તે બંને વચ્ચે યુદ્ધ થાય છે, બાહુબળિ ચારિત્ર અંગીકાર કરે છે, કેવળજ્ઞાન પામે છે અને ત્યાર પછી ૯૯ પુત્ર સાથે ભગવંતનું નિર્વાણ થાય છે, બ્રાહ્મી સુંદરી પણ મોક્ષે જાય છે. પછી ભરત ચક્રી આરિસાભુવનમાં શુભ ભાવના ભાવતાં કેવળજ્ઞાન પામે છે અને તે પણ પરમપદના ભોક્તા થાય છે. અહીં ગ્રંથ પણ સમાપ્ત થાય છે.

આ ગ્રંથ પંડિત અમૃતલાલ અમરચંદે શોધેલો છે, છતાં ભૂલો રહી ગયેલી છે. પ્રેસના કારણથી પણ કેટલીક ભૂલો રહેલી છે. છપાવનાર શા. મગનલાલ વેલચંદ છે, અને તેના કાગળો બહુ હલકા વાપરેલા છે. અને તેના પ્રમાણમાં કિંમત રૂ. ૧ાા રાખી છે તે વધારે છે. હાલ તો તેની કિંમત રૂ. ૧) કરેલી છે.

આ ગ્રંથના પાંચ ઉલ્લાસના પ્રત્યેક શ્લોક અનુષ્ટુપ્ છે. પ્રાસંગિક કેટલીક માગધી ગાથાઓ મૂકેલી છે. પાંચે ઉલ્લાસના મળીને (૪૦૫-૬૬૧-૨૮૦-૪૭૭ ૫૭૭)૨૪૦૦ શ્લોક છે. આ ગ્રંથ વાંચતાં તેની અશુદ્ધિનો નિર્ણય કરવા માટે પંડિત હીરાલાલ હંસરાજે આ ગ્રંથ છપાવેલો હોવાથી તે જોવા ઇચ્છા થઈ. તે જોતાં તેના પાંચ ઉલ્લાસના મળીને (૨૦૪-૧૪૪-૨૧૩-૧૭૦-૮૮) ૮૧૯ શ્લોક છે, કાગળ જાડા વાપર્યા છે, શુદ્ધિમાં કાંઇ વધે તેમ નથી, બાકી કિંમતમાં વધે તેમ છે. કારણકે કિંમત રૂ ૧ાા રાખેલ છે, અને તે હજી કાયમ છે. તેમાં ઘટાડો કરવામાં આવ્યો નથી.

આ હકીકત યુગાદિ દેશનાના નામ માત્રથી ભુલાવો ન થાય અને ચોવીશેંને બદલે આઠશેં શ્લોકનો લાભ લેવાની ઉદારતા ન વપરાય તેટલા માટે લખવાની જરૂર જણાણી છે. આવી રીતે ગ્રંથ સંક્ષિપ્ત કરી નાખવાથી ગ્રંથની ખુબીમાં અત્યંત હ્રાસ થયેલો છે. તેની ખબર સાદ્યંત વાંચનારનેજ પડી શકે તેમ છે. આઠશેં શ્લોકના ગ્રંથની કિંમત દોઢ રૂપીઓ રાખવામાં આવે અને તે પણ ખપી જાય તે સમયની બલિહારી જણાવે છે અને **ઝાડને નામે ફળ વેચાય** એ કહેવતની સત્યતા સૂચવે છે.

આ ગ્રંથ ઘણો અસરકારક અને રસીક તેમજ ઉપદેશક જણાવાથી અમે તેનું ભાષાંતર છપાવવા માટે તૈયાર કરાવ્યું છે. અને તે કોઈ ગ્રહસ્થની મદદથી છપાવી શ્રી જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવા ઇચ્છા વર્તે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પુસ્તકોની પહોંચ.

ભાદરવા તથા આસો માસમાં ભેટ આવેલાં પુસ્તકો ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે. તેની પહોંચ આ નીચે પ્રગટ કરવામાં આવી છે. આવી રીતે જાહેર સંસ્થાઓને પોતાના યોગ્ય પુસ્તકો ભેટ મોકલવામાં તેનો ઘણા માણસો લાભ લે છે. વળી તે ઉપરાંત તેની પહોંચ પ્રગટ થવાથી એક જાહેર ખબરની પણ ગરજ સારે છે એ લાભ સમજવાનો છે. તેથી વિદ્વાનોએ પોતાની તરફથી પ્રગટ થતાં પુસ્તકો ભેટ મોકલવાની પ્રવૃત્તિ શરૂ રાખવી તેજ યોગ્ય છે.

| | | | |
|---|---|---|---|
| ૨૬ | રત્નસાગર (વા) મોહનગુણ માલા. | શેઠ વલ્લભજીભાઈ હીરજી. | કલકત્તા. |
| ૨૭ | આત્મહિતોપદેશ. | ,, | |
| ૨૮ | સમકિત શલ્યોદ્ધાર. | ,, | |
| ૨૯ | વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ ભા. ૧ લો. | મુનિરાજ શ્રીવિનયવિજયજી. | જામનગર. |
| ૩૦ | ભરત બાહુબલિચરિત્ર. | શા અચરતલાલ જગજીવન. | ભાવનગર. |
| ૩૧ | સ્નાત્ર પૂજા. | શ્રીહંસવિજયજી જૈનલાઈબ્રેરી. | અમદાવાદ. |
| ૩૨ | જીવવિચારપ્રકરણ સટીક. | શ્રીજૈન શ્રેયસ્કરમંડળ. | મેસાણા. |
| ૩૩ | અનિત્યાદિ ભાવનાસ્વરૂપ. | શા. માનચંદ વેલચંદ. | સુરત. |
| ૩૪ | ચૌદ સ્વપ્નનું રહસ્ય. | શ્રાવક ભીમસિંહ માણેક. | મુંબઈ. |
| ૩૫ | વિવિધ પૂજા સંગ્રહ. | શ્રી જૈન આત્માનંદ સભા. | ભાવનગર. |
| ૩૬ | શ્રી કલ્પસૂત્ર સુબોધિકા ટીકાયુક્ત. | ,, | ,, |
| ૩૭ | ઉપદેશ સપ્તતિકા. સટીક. (લઘુ) | ,, | ,, |
| ૩૮ | કુમારપાળ પ્રબંધ. | ,, | ,, |
| ૩૯ | ગુરૂગુણ ષટ્ત્રિંશત્ ષટ્ત્રિંશિકા કુલક. સટીક. | ,, | ,, |
| ૪૦ | શ્રી જ્ઞાનાસાર સૂત્ર. (દેવચંદજી કૃત ટીકા) | ,, | ,, |
| ૪૧ | સમયસાર પ્રકરણ. | ,, | ,, |
| ૪૨ | ધમ્મિલ કથા. | ,, | ,, |
| ૪૩ | પ્રતિમા શતક. સટીક. | ,, | ,, |
| ૪૪ | ચતુર્વિંશતિ જિન સ્તુતિ સંગ્રહ. | ,, | ,, |
| ૪૫ | ભાવ આવશ્યક. | પારેખ મોહનલાલ અમૃતલાલ. | રાજકોટ. |
| ૪૬ | શ્રી તીર્થંકર ચરિત્ર. | શા. જેઠાલાલ દલસુખભાઈ. | અમદાવાદ. |
| ૪૭ | પ્રાણીપુકાર. | શેઠ મેઘરાજજી વીરચંદજી. | છોટીસાદરી. |
| ૪૮ | કામઘટ કથાપ્રબંધ. | શ્રી જૈન યુવક મંડળ. | સાણંદ. |
| ૪૯ | શ્રી સંગ્રહણી સૂત્ર. સટીક. | શેઠ દેવચંદ લાલભાઈ. | મુંબઈ. |
| ૫૦ | શેઠત્રીસોવનદાસભાણજીનું જીવનચરિત્ર. | શેઠનરોત્તમદાસ ભાણજી. | ભાવનગર. |
| ૫૧ | જૈનસંસ્કૃત સ્તોત્રરત્નસંગ્રહ તથા ગુજરાતી સ્તવન તથા ગહુંલી સંગ્રહ. | શેઠજમનાભાઈ ભગુભાઈ. | અમદાવાદ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री सूक्ष्मार्थ सारोद्धार सार्धशतक. सटीक.

આ ગ્રંથમાં કર્મ સંબંધી વિષય બહુ ઉત્તમ પ્રકારે ચર્ચેલો છે, મૂળ ગાથાઓ દોઢસો હોવાથી તેનું નામ સાર્થક છે. મૂળકર્ત્તા **શ્રીજિનવલ્લભ સૂરિ** છે. ટીકાના કર્ત્તા **શ્રી ધનેશ્વર સૂરિ છે.** એકંદર ૩૮૦૦ શ્લોક પ્રમાણ છે. તે મુનિરાજ**શ્રી મોહનવિજયજી** ( પંન્યાસજી કમળવિજયજીના શિષ્ય ) ના ઉપદેશથી શ્રીકડોદવાળા **શ્રાવક સુબચંદ ભલાજીની** આર્થિક સહાયથી અમે છપાવીને બહાર પાડેલ છે. શુદ્ધ કરવાના સંબંધમાં **પંન્યાસ આણંદસાગરજીએ** પ્રયાસ કરેલો છે. કર્મગ્રંથના અભ્યાસી સંસ્કૃતના બોધવાળા સાધુ સાધ્વીને ભેટ આપવાનો છે. માત્ર પોતાના ગુરૂદ્વારા મંગાવવાની અમારી વિજ્ઞપ્તિ છે. લખેલા પુસ્તકોના ભંડાર ખાતે પણ ભેટ આપવાનો છે, અન્ય તેના ઇચ્છક માટે કિંમત રૂ. ૧) રાખેલ છે. પોસ્ટેજ બે આના જુદું સમજવું. અવશ્ય લાભ લેવા લાયક ગ્રંથ છે.

## શ્રીપાળરાજાનો રાસ. અર્થ રહસ્ય યુક્ત.

**શ્રીમીયાંગામ નિવાસી શેઠ નેમચંદભાઈ પીતાંબરદાસની** આર્થિક સહાયથી આ રાસ ગુજરાતી ટાઇપથી પુસ્તકાકારે બહાર પાડેલ છે. મૂળ અને અર્થ લખ્યા બાદ તેનું રહસ્ય બહુ સારી રીતે બતાવવામાં આવેલું છે. વાંચનારને બહુ ઉપકારક થાય તેમ છે. બુકના પાછળના ભાગમાં **નવપદ ઓળીની વિધિ** ઘણા વિસ્તારથી આપેલ છે. આરંભમાં અનુક્રમણિકા પણ વિસ્તૃત લખેલી છે. કિંમત રાખવામાં આવેલ નથી. આર્થિક સહાયકને પત્ર લખીને મંગાવવા તસ્દી લેવી. અમારી તરફ માગણી આવશે તો તેની પણ સહાયકના આશય અનુસાર યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે. ભેટ મંગાવનારને પણ પોસ્ટેજના અઢી આના મોકલવાના છે. જાહેર સંસ્થાઓને ખાસ ભેટ આપવામાં આવશે.

## ખાસ ખરીદ કરવા લાયક નવા પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | આનંદઘન પદ્યરત્નાવળી. ( ૫૦ પદનું વિવેચન ) | ૨—૦—૦ |
| ૨ | જૈન દૃષ્ટિએ યોગ. | ૦—૮—૦ |
| ૩ | પઉમ ચરિયમ્ ( પદ્મ—રામચંદ્ર ચરિત્ર ) માગધી. | ૨—૮—૦ |
| ૪ | ઉપદેશ માળા મૂળ ને યોગશાસ્ત્ર મૂળ. | ૦—૮—૦ |
| ૫ | જંબૂદ્વીપ સંગ્રહણી સટીક. | ૦—૪—૦ |
| ૬ | જ્ઞાનપંચમી. ( અતિ ઉપયોગી બુક ). | ૦—૮—૦ |
| ૭ | ઉપદેશ પ્રાસાદ ગ્રંથ મૂળ. સ્થંભ. ૬ | ૧—૮—૦ |
| ૮ | ચૈત્યવંદન ચોવીશી. સુધારેલી આવૃત્તિ. | ૦—૩—૦ |
| ૯ | શ્રી શાંતિનાથ ચરિત્ર. સંસ્કૃત. ગદ્યબંધ. | ૧—૦—૦ |

For Private And Personal Use Only